
કલા, કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતું માસિક • 10, July 2026 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ



શ્રી કિશોરભાઇ ખંભાયતા (ડુનેક્ષ)ના નેતૃત્વમાં

## બાબા બાગેશ્વરે રાજકોટ જ નહીં સમગ્ર સૌરાષ્ટ્રને સનાતની રંગે રંગી દીધું

જામખંભાળીયામાં શ્રી વિશ્વકર્મા મહાપુરાણ જ્ઞાનયજ્ઞ યોજાયો

પોરબંદરમાં યોજાયો સરસ્વતી સન્માન સમારોહ

# અડધી સદીનું સ્મરણ



## ૫૦મી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલી
## પરમ પૂજય પિતાશ્રી સ્વ. લાલજીભાઈ મકનજીભાઈ ભાડેશીયા
## (અવસાન તા. ૧૪-૭-૧૯૭૬ થી તા. ૧૪-૭-૨૦૨૬)

આપના દેહત્યાગને ૫૦ વર્ષ પૂર્ણ થઇ રહયા છે, પરંતુ આપની યાદો, આદર્શો અને સંસ્કાર આજે પણ અમારા હૃદયમાં જીવંત છે. આપના જ આશીર્વાદ અને પુણ્ય પ્રતાપે આજે આપનો પૂરો પરિવાર સુખી, સંપન્ન અને સંગઠીત છે. ઈશ્વર આપના પવિત્ર આત્માને સદા પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

### સ્વ. શાંતાબેન લાલજીભાઈ ભાડેશીયા

**: પુત્ર–પુત્રવધુ :**

સ્વ. જેન્તીભાઈ લાલજીભાઈ - ગં.સ્વ. સુશીલાબેન જેન્તીભાઈ
જગદીશભાઈ લાલજીભાઈ - જયોતિબેન જગદીશભાઈ
વિનોદભાઈ લાલજીભાઈ - પારૂલબેન વિનોદભાઈ
નીતિનભાઈ લાલજીભાઈ - વર્ષાબેન નીતિનભાઈ

**: પુત્રીઓ :**

રમાબેન રમણીકલાલ ખંભાયતા
નિર્મળાબેન મનસુખલાલ પંચાસરા
રેખાબેન કિરીટકુમાર પેશાવરીયા
કિર્તીબેન જયેશકુમાર દુધૈયા

**: પૌત્ર – પૌત્રવધુ :**

હિરેનભાઈ જેન્તીભાઈ - મીનાક્ષીબેન હિરેનભાઈ
ચંદ્રેશભાઈ જેન્તીભાઈ - ચેતનાબેન ચંદ્રેશભાઈ
કૌશલભાઈ નીતિનભાઈ - શ્રુતિબેન કૌશલભાઈ
દીક્ષિતભાઈ જગદીશભાઈ - ક્રિષ્નાબેન દીક્ષિતભાઈ
આનંદભાઈ વિનોદભાઈ - ડિમ્પલબેન આનંદભાઈ

**: પૌત્રી :**

ડો. દિપ્તી જીજ્ઞેશકુમાર વડગામા
જિજ્ઞા અક્ષયકુમાર કોરાને
હિરલ હર્ષિતકુમાર ઉઘરોજા

(હેત્વી-જય-જશ-ક્રિશા-શ્રાવ્યા-હિરવા અને વિર ભાડેશિયા)

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-15, Issue No.06
Date : 10-07-2026

Page : 36
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Mo. 90999 49565

**Editor-Publisher-Owner & Printer:** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**

## તંત્રી સ્થાનેથી...

# ખારા રણમાં મીઠી વીરડી



સમાજ શિક્ષણ લક્ષી બને તે જરૂરી છે. પરંતુ ઉચ્ચ શિક્ષણ દિનપ્રતિદિન મોંઘુ થતું જાય છે. આવી પરિસ્થિતિમાં ઓછી આવકવાળો પરિવાર પોતાના તેજસ્વી સંતાનને ઉચ્ચ શિક્ષણ કેમ આપવું તેની ચિંતામાં ગળાડૂબ છે. આવી સ્થિતિમાં જે તે સમાજે આવા જરૂરીયાતવાળા તેજસ્વી બાળકોની વહારે આવવું જોઈએ. પરંતુ દુઃખની વાત એ છે કે મોટાભાગના સમાજોના આગેવાનો આવી શિક્ષણની ચિંતા કરવાને બદલે પ્રસિદ્ધિ મળે તેવા બિનજરૂરી ખર્ચાળ કાર્યક્રમોનું આયોજન કરી દાતાઓના પૈસે પોતે મોટા થઈને વાહ વાહ મેળવવાની વૃત્તિ ધરાવતા હોય છે. સમાજમાંથી મળેલો પૈસો શિક્ષણ જેવા સમાજલક્ષી કાર્યક્રમોમાં વાપરવાને બદલે એફ.ડી. વધારવાની વૃત્તિ ધરાવતા લોકો પાછા અમે તો આટલી એફ.ડી. કરી તેવો પ્રચાર કરવામાં ગૌરવ અનુભવતા હોય છે. સમાજમાં પ્રવર્તતી આવી પરિસ્થિતિમાં કોઈ ઉદ્યોગપતિ દાતા ઉચ્ચ શિક્ષણ મેળવવા માંગતી સામાન્ય પરિવારની દીકરી તેને ઉચ્ચ શિક્ષિત બનાવવા દત્તક લે ત્યારે ખારા રણમાં મીઠી વીરડીની કહેવત સાર્થક થતી હોવાનો અહેસાસ થાય છે.

ગોંડલ પાસેના પીપળીયા ગામની સાવ સામાન્ય રિક્ષા ચાલકની દીકરી દિપ્તી પેશાવરીયાએ એચ.એસ.સી.માં એકાઉન્ટમાં ૧૦૦માંથી ૧૦૦ મેળવવાની સાથે ૯૯.૪૯ પીઆર મેળવ્યા અને ચાર્ટર્ડ એકાઉન્ટ બનવા માંગે છે. તેવી વિશ્વકર્મા વિશ્વના શિક્ષણ વિશેષાંકના માધ્યમથી જાણ થતાં રવિ ટેકનોફોર્જના ચેરમેન શ્રી અમુભાઈ ભારદીયાને થતા જ તેમણે દિપ્તી અને તેના પિતા પ્રતાપભાઈને પોતાની ફેક્ટરીએ બોલાવ્યા અને આ પરિવારની પરિસ્થિતિ જાણી. દિપ્તીનું સી.એ. થવાનું દૃઢ મનોબળ જોતાની સાથે શ્રી અમુભાઈ ભારદીયાએ દિપ્તીને કહ્યું, આજથી તું ચાર્ટર્ડ એકાઉન્ટ થા ત્યાં સુધીની ખર્ચની જવાબદારી શ્રી રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશન ભોગવશે. શ્રી અમુભાઈ ભારદીયાએ માત્ર દિકરીને જ નહીં પરિવારની પણ ચિંતા કરી અને દિપ્તીના રીક્ષા ચલાવતા પિતા પ્રતાપભાઈને પોતાની ફેક્ટરીમાં કામે પણ લગાડી દીધા.

સમાજના ઉદ્યોગપતિઓ, દાતાઓ સમાજના આગેવાનો માટે ઉપરોક્ત ઘટના પ્રેરણારૂપ બને તેવી પ્રભુ પ્રાર્થના...

PDGajjar

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અને ડીઝાઈનનો જે તે પાર્ટીની પરવાનગી લીધા વગર-અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# ભારત કેમ ભ્રષ્ટાચાર મુક્ત નથી થતું ..?

ભરત સુરેલિયા

શું આપ જાણો છો ? ભવિષ્યમાં ભારતના વિકાસ નિર્માણ કાર્યનું ચિત્ર કેવું હશે ? પરિણામ શું રંગ લાવશે..? આ બાબતનું પ્રત્યેક રાષ્ટ્રના નાગરિકને જ્ઞાન હોવું ખુબ મહત્વનું છે.

ભ્રષ્ટાચારીઓના ભયંકર ઝેરને જડમૂળથી નાશ કરવામાં નહિં આવે તો સંસ્કૃતિની ધરોહરના પાયામાં લૂણો લાગી જશે. વિચારજો આપણી ધરતીમાતા આ સંસારની હરેક ચીજને હજમ કરી શકે છે. પરંતુ ભ્રષ્ટાચારના રસાયણને હજમ નહિં જ કરી શકે. આ જુલ્મને રોકવા એક માત્ર સાચો રસ્તો, સાચી દિશા તરફ આગળ વધવાનો છે.

ભારતને ભ્રષ્ટાચાર મુક્ત કરવા, દિવ્ય દૃષ્ટિની જરૂરત છે. કેમકે રાષ્ટ્રને મળેલ અનમોલ વારસાની સુરક્ષા હેતુનો પ્રશ્ન છે. દેશના વિકાસ પંથની વ્યવસ્થા માટે શ્રેષ્ઠ તથા ઉત્તમ વિચાર એક માત્ર વિકલ્પ છે. આ વાત સંપૂર્ણપણે આપણા સૌની જવાબદારી પર નિર્ભર કરે છે. આપણામાં રહેલ ઉત્તમ બાબતો બહાર લાવીએ તો જ સમાજલક્ષી ઉત્તમ કાર્ય સાર્થક થઈ શકે, આ વાત કોઠે બાંધી લેવાનો સમય પાકી ગયો છે ..?




વિચારવા જેવું..:-

“આપણે આપણી ઘોર ખોદવાનું ક્યારે બંધ કરીશું..? શું ગંભીર પ્રશ્ન નથી લાગતો..?”

વિચારજો “આવનારી પેઢીને શું નર્ક ભેંટ આપીશું..?”

ભ્રષ્ટાચાર નાબુદી અભિયાન યજ્ઞ જ ઉત્તમ માર્ગ છે. સમય જાગી જવાનો છે.

મારૂં માનવું છે કે ભાવિ પેઢીને માટે ભારતદેશનાં રસપ્રદ, દસ્તાવેજોને સુરક્ષિત રાખવા સહકારની સાકળ જ નહિં પરંતુ ઉત્તમ શિક્ષણ, આહાર, વિચાર તથા યોગક્ષેત્રમાં સહયારા મિશનમાં એક જુઠ બનવાની આવશ્યકતા છે.

કોમવાદ, પ્રાંતવાદ, જાતીવાદ તથા આતંકવાદ અજ્ઞાનતાના કારણે જ જન્મે છે, ભવિષ્યમાં આવનારી પેઢીને માટે જબરો ખતરો, લાલ સીગ્નલ સમાન છે. જીવન જો આમ જ ચલાવ્યે રાખીશું તો નિશ્ચિંતપણે લક્ષ્ય સુધી પહોંચવું દુર્લભ બનશે. ધ્યેયલક્ષી કાર્યમાં વેગ લાવવા સૌએ જાગૃત થવાની પળો આવી ગઈ છે.

આપણા દેશમાં કાયદાની જોગવાઈની કમી નથી. પરંતુ અમલીકરણ પ્રથામાં “તાતા-થઈયા” કરવામા આવે છે તેના જ કારણે પરિણામ સૂન્ય અથવા અપુરતા સાબિત થયા છે. હવે કડક પગલા લેવાની જરૂરત છે. અધિકારીઓનાં વલણ-વ્યવહાર તથા જવાબદારીનો પુખ્ત રીપોર્ટ એકત્રિત કરવા, પ્રમાણિક અધિકારીની નિમણુક કરી કાયદાની ઢીલી નીતિને સુધારવા નવો શીરસ્તો અપનાવવો જોઈશે. જોઆમ ન થાય તો સ્વાર્થી ઉપભોક્તાવાદીઓ ગેરવ્યાજબી વ્યવહાર, પ્રયોગો અજમાવતા રહી કાયદાના લીરા ઉડાવતા રહેશે, સરેઆમ કાયદાના ભંગ થતા રહેશે, તથા ભયનો માહોલ સર્જાયા કરશે. તેના કારણે દુષપરિણામ અને વિષેલી ઘટનાથી આપણો સમાજ આંધળાની માફક આગળ વધતો રહેશે, તો જટીલ સમસ્યાનો સવાલ આવી ઉભો રહેશે..!

મને એક વિકલ્પ સૂઝે છે, આ વિષયે હવે તો વર્તનમાં બાળકો હોય કે વૃધ્ધ, સ્ત્રી હોય કે પુરૂષ, શિક્ષિત હોય યા અશિક્ષિત, અમીર હોય કે ગરીબ, શહેરવાસી હોય કે ગ્રામ્યવાસી બધાજ લોકોએ આ દેશના સર્વાંગી ઉધ્ધાર અને શિક્ષણ સેવા કાર્યમાં સહૃદયપૂર્વક વિકાસ યજ્ઞમાં કૂચ કરવાનો સમય આવી ગયો છે.

સ્વયંમ સૌ આપણે સુધારની દિશામાં ડગ માંડીશું, તો પરિવારના સદસ્યમાં ઉમદા ભાવના જાગૃત થશે. શરૂઆત આપણે જ કરવાની જરૂરત છે. આ પ્રયોગ અનુસરવાથી લોકોના હૃદયમાં નવી જાગૃતિ આવશે. સમાજના તમામ વર્ગના લોકોને નવો વિકલ્પ-ઉપાય સૂઝી આવશે, માત્ર એક કદમ આપણાથી જ શરૂઆત કરવાનો અવસર આવી ગયો છે.

પહેલા તો ‘હું’ પ્રયોગથી આરંભ કરવો પડશે. ‘હું’ આ ભારતદેશનો નાગરિક છું મને ભારતીય હોવાનું ગૌરવ છે.

‘‘જહાં ડાલ ડાલ પર સોનેકી ચિડિયાં કરતી હૈ બસેરા, વો ભારત દેશ હૈ મેરા’’

પ્રણ લ્યો કે પ્રથમ ‘હું’ નૈતિકતાના પંથે ચાલીશ. આપણા રાષ્ટ્રને ઉચ્ચસ્તરે પહોંચાડવા નૈતિકતાનું માર્ગદર્શન આપીશ. મને મારા દેશ પ્રત્યે માન છે. ‘હું’ ભ્રષ્ટાચાર, અત્યાચાર, સંગ્રહખોરી જેવાં અજગરોને મૃત્યુ ઘાટ ઉતારીશ. મારા રાષ્ટ્રનો સ્વસ્થ, સ્વચ્છ, રામરાજય સ્થાપનાને અખંડ રાખીશ. સૌ સાથે મળી આ સંકલ્પના શ્રી ગણેશ કાર્યને ગજાવતાં રહીશું. નૈતિકતાના માર્ગો પર ચાલતા ઘણાં અંતરાયો આવશે જ પરંતુ ડર રાખ્યા વિના સ્વસ્થતાથી લક્ષ્ય તરફ દોડતા રહીશું.

ભ્રષ્ટાચાર જેવા અજગરને નાથવા સૈન્યદળ કે ફૌજી લશ્કરની નહિં.. પરંતુ માત્ર ને માત્ર આપણા દેશનાં બાંધવોની એકતા તથા સહયોગની સરાહના જ અપેક્ષિત છે. એક માન્યતા સાચી લાગે છે મને.. ‘જો ભયંકર અજગરને ખતમ કરવો હોય તો કીડીઓને જગાડવી જ પડશે. કીડીઓ એક સંપ બની ગમે તેવા ઝેરીલા અજગરનું નીકંદન કાઢી શકે. આવા પ્રકારના જ્ઞાનની સમજણ, શિક્ષણ પ્રથા ઉજાગર કરવી પડશે. જો આમ સંભવ થશે તો જ સરકારના સહકાર દ્વારા આપણે સૌ સાથે મળી આવા અજગરને ખતમ કરી શકશું.



એક મહત્વની વાત યાદ કરી લઈએ, આપણા ભારતદેશની કરોડરજ્જુ એટલે ધર્મનિરપેક્ષતા, શિક્ષણ, સંસ્કાર, સંસ્કૃતિ અને સભ્યતા છે. જો આ મજબુત રાષ્ટ્રની કરોડરજ્જુનું જતન કરીશું તો ભવિષ્યનાં માર્ગો ખુલા રહેશે. તથા આવતી પેઢીને માટે વરદાનરૂપ સાબીત થશે. આપણે સૌ કીડીઓની માફક શિક્ષણ મેળવી, એક સંપ બની ચાલીશું તો જ કાયદાની સુરક્ષા કરી શકીશું અને ભ્રષ્ટ અધિકારીઓની આંખમાંથી ભ્રષ્ટાચારનાં ઝેરને મીટાવી શકીશું. આપણા સૈની નૈતિક જવાબદારીનો સમય પાકી ગયો છે. સમાજમાંથી હત્યા, અપરાધ, બળાત્કાર જેવા રાક્ષસી દુષણોને સમજણપૂર્વક નાથી શકીશું. આવા અપરાધ થતાં રોકવા સંગઠનની સાથે સાથે યુવાનોમાં પ્રર્વતી પ્રવૃતિની દીશામાં નવા સુધાર ચીલાને ચીતરવાનો પ્રયત્ન કરવો પડશે આવું ત્યારે જ શકય બને. જો પ્રજા સ્વયંમ કીડીઓની માફક જાગૃતતા પોતાના હૃદયમાં પ્રસ્થાપિત કરી લેશે.

આપ સૌ જાણો છો તેમ દરરોજ ટીવી, મીડિયા અને રેડિયોમાં સાંભળવા મળતા સમાચારમાં આપણી બહેન-માતાઓ, વિધવાઓની ઈજ્જત લુટાઈ છે. કાયદો તથા સુરક્ષા વ્યવસ્થાનાં ચિંથરા ઉડાવનારાઓ અપરાધ કરતા રહે છે કેટલી શરમજનક બાબત છે. બીજું તમે ટીવી ન્યુઝ ચેનલોમાં રાષ્ટ્ર વિરોધી ભ્રષ્ટાચારીઓના કૌભાંડોને નિહાળ્યા હશે. તેમનાં ઘર-રહેઠાંણ-બેંક કે ખાનગી પોતાની અન્ય છુપી જગ્યાએથી બેનામી સંપત્તિ ઝડપી લેવામાં આવે છે. આવી રેડ પાડવાની ફરજ ત્યારે જ પડે છે જયારે રાષ્ટ્રની કરોડરજ્જુ તોડવાનો પ્રયાસ કરવામાં આવે છે. જરા વિચાર કરજો. જો આવા પગલા ભરવામાં નહિં આવે તો પછી ભારતમાં કેવા સૂર્યોદયને ભવિષ્યમાં જોવાનો વખત આવશે, માટે રેડ પાડવાની કાયદાકીય ધોરણે તાતી જરૂરીયાત છે.

વિચારો આવા કર્મચારીઓ લોકતંત્રના આધાર સ્થંભ ને કેટલું નુકશાન કરવાનો પ્રયાસ કરે છે. કેટલી હદે બેજવાબદાર બની બેઠા છે.

રાષ્ટ્રની સેવા માત્ર ઉત્તમ વિચાર અને નૈતિકતા પર આધારીત છે, લોકતંત્રના કાર્યક્ષેત્રમાં પ્રથમ પ્રામાણિક બનવું પડે છે. આ વાત ભૂલી નિષ્ઠાપૂર્વક કામ કરવાનું ટાળતા રહેનાર ઘણા કર્મચારી છે. આ વિકૃતિનું કારણ છે, આવી વિકૃતિને રાવણ માનસ કહી શકાય. કદાચ આવી પ્રકૃતિનો માણસ ભ્રષ્ટાચારી પણ હોય શકે છે, ભ્રષ્ટાચાર નિવારણ માટે રામકૃપા આવશ્યક છે. પરંતુ તેના માટે ભક્તિ કરવી પડે. ભકિતમાં ધર્મ ભળે તો જ બધું સંભવ છે, માટે ધર્મ આપણો છે આ ભાવના પેદા કરવી પડે. આપણી ભારતની સંસ્કૃતિનાં ચરણમાં તો ઘણું બધું સમાયેલું છે. જયાં સંસ્કૃતિનો પ્રશ્ન છે, ત્યાં પ્રાર્થના કામ કરી જાય છે. આ પ્રાર્થના વિશુધ્ધ ભાવથી થવી જોઈએ, કારણકે પ્રાર્થનાનો અવાજ પ્રવૃત્તિ ઉપર નિર્ભર કરે છે. માટે ફરીને આપણે સૌએ એકત્રીત થઈ સોગંદ લેવા પડશે. ‘હું’ મારા દેશને માટે, મારી માતૃભૂમિની સંસ્કૃતિ માટે ઉત્તમ શિક્ષણનું સિંચન કરીશ. મને ખાત્રી છે અનુશાસન પૂર્વક ચાલીશું તો જ રાષ્ટ્રની સુરક્ષા સફળ થશે. નિયમનપૂર્વક સૃષ્ટિનો આદર સત્કાર કરીશું તો જ ‘ભારત’ એક ઉત્તમ રાષ્ટ્ર છે એવું સાબિત કરી શકીશું અને આ ભ્રષ્ટાચારીઓની શાન ઠેકાણે લાવવાનો રામબાણ ઈલાજ છે.

હું આશાવાદી છું એટલે ઈશ્વરમાં શ્રદ્ધા છે. આપણા દેશમાં અનેક મહાન ધર્મગુરુ, ધર્માચાર્ય તથા સંતો-મહંતોએ જન્મ લીધો છે. આ ધરતી ઉપર શ્રી રામ, શ્રીકૃષ્ણ, બુધ્ધ, મહાવીર, રામકૃષ્ણ પરમહંસ, સંત રણછોડદાસજીબાપુ, જલારામ ભગત, નરસિંહ, તુલસીદાસજી વગેરે સંતોના ઘણા પ્રમાણો ભારત દેશની પવિત્રભૂમિનાં ઈતિહાસમાં દર્શનીય છે.

યાદ કરો કયા કહા થા..‘‘મોહનને ઔર કયા શીખાયા હૈ મોહનદાસને..?’’ આજે પણ પૂજાય છે ને...!

યાદ કરો સરદારનાં બૂલંદ અવાજને, તેમની આ દેશ પ્રત્યેની ઋણ સ્વીકાર ભાવના તથા તપશ્ચર્યાને.., આપણા આ ભારતનાં લડવૈયા શિવાજી-રાણા પ્રતાપ જેવા શૂરવીરોને કેમ ભૂલી શકાય, ધન્ય છે, આ ધરતીમાતાને તથા શૂરવીરોની શૌર્યગાથાને વંદન કરવાનું મન સદાય થાય છે.

સ્વામી શ્રી વિવેકાનંદજીના શબ્દો આજે પણ ગુંજયા કરે છે. ''ઉઠો, જાગો અને ધ્યેય સુધી મંડયા રહો..''

આપણા દેશની ખુમારીનાં પ્રમાણો, આથી વધુ શોધવાની શી જરૂરત છે..? જેમણે રાષ્ટ્ર ધ્વજને બુલંદીના શિખરે લહેરાવ્યો છે. આપણા દેશનાં દસ્તાવેજમાં આ બધું જ છે.

મારા રાષ્ટ્રબંધુઓ નૈતિકતાના માર્ગો પર ચાલતા ઘણા અંતરાયો આવ્યા જ કરશે. પરંતુ આવા શુરવીરોની શૌર્યગાથાને યાદ કરતાં ચાલીશું તો અંતરાયો આપોઆપ દૂર થશે. સૌ સાથે મળી સંયમ, નિયમ અને અનુશાસન સાથે ચાલતા રહીશું એવું પ્રણ લઈએ.

યાદ છે ને, ભારતમાતાનાં ગર્ભમાં સંઘરાયેલા વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત અને બધાંજ ધર્મગ્રંથો પવિત્રતાથી આલેખાયા છે. રાષ્ટ્રની રક્ષા અર્થે કળયુગમાં આ જ ઉત્તમ ગ્રંથો આપણા ભારતવાસીને સુરક્ષીત અને બળવતર સાબીત થશે, દેશદાઝની શકિત જગાડશે. પ્રત્યેક નાગરિકના કલ્યાણ અર્થે માર્ગો ખુલ્લા કરશે. ભ્રષ્ટાચારીઓને એક એકને ખુલ્લા કરવાની હિંમત જગાવશે.

એક ગમતી વાત યાદ આવે છે કે :-

સાહેબ.., 'ફુગ્ગો ગમે તેટલો મોટો હોય.. પણ એક નાની ટાંચણી જ તેને બસ થઈ પડે..!'

આપણે ટાંચણી બની, ભ્રષ્ટાચારનાં ફુગ્ગાનો ખાત્મો કરવાનો છે. આવા ભ્રષ્ટાચારી ફુગ્ગાઓ હિમાલય શિખરોને પડોશી દેશને કદાચીત વેંચવાની કોશિશ કરે તો..?

''આપણે સૌએ ટાંચણી બની ભ્રષ્ટાચારોની હવા કાઢવી જ પડશે. તૈયાર રહેજો...'' યાદ રાખજો દેશના સદ્ભાવના વૃક્ષની આવરદા વધારવા બસ આટલું જ કરવાનું છે.

હૃદયમાં દેશ દાઝનો જુવાળ જીવંત રાખો, હરકોઈના હૃદયમાં દેશ પ્રત્યેની બુલંદ અવાજનો સૂર ગુંજતો કરજો.. ''યા હોમ કરી પડો, ફતેહ છે આગે''

ભારતના ભ્રષ્ટાચારીઓના પ્રમુખ કારણો શું છે ..? તેને મારી સમજણપૂર્વક રાષ્ટ્રના સમક્ષ રજુ કરવાનો વિનમ્ર પ્રયાસ આટલો પુરતો છે. આ લેખનમાં નિવેદન કરું છું કે પ્રમાણિકતા, નિષ્ઠાવાન, આપણે બની આ દેશનાં અનુશાસનનાં પાયાને સ્થીર તથા મજબુત પુરવાર કરીશું તથા વિકાસ માર્ગે સાથે ચાલીશું. જો આંખ સારી હશે તો દુનિયા ગમશે અને તમારી જીભ સારી હશે તો દુનિયાને તમે ગમશો, એટલું યાદ રાખો તમારામાં શકિત પડેલી છે આત્મશ્રધ્ધા સાથે તેને બહાર લાવો.

''જહાં હમારા સ્વાર્થ સમાપ્ત હોતા હૈ.. વહી સે હમારી ઈન્સાનિયત આરમ્ભ હોતી હૈ''

# આર્યન સાંકડેચાએ રાષ્ટ્રીય કક્ષાએ બે મેડલ જીત્યા





અમદાવાદ ખાતે તારીખ ૫ થી ૭ જૂન, ૨૦૨૬ દરમિયાન યોજાયેલી સ્પેશિયલ ૧૩ મી નેશનલ ગેમમાં આર્યન સાંકડેચા એ ફરી ગુજરાતનું નામ રોશન કરી દીધું છે. સ્પર્ધામાં યોજાયેલ સાયકલિંગમાં બ્રોન્ઝ મેડલ અને સ્કેટિંગમાં સિલ્વર મેડલ મેળવીને ગુર્જર સુથાર જ્ઞાતિ તેમજ વિશ્વકર્મા વંશજનું નામ રોશન કર્યું છે.

૧૩ અને ૧૪ માર્ચ યોજાયેલી સ્પેશિયલ નેશનલ ગેમ બિહાર પટનામાં પણ તેને ૨૦૦ મીટર રનમાં ગોલ્ડ અને સોફ્ટબોલ થ્રોમાં ગોલ્ડ મેળવી ગુજરાતનું નામ રોશન કરેલું હતું.

રમત કોઈપણ જગ્યાએ હોય, આર્યન પોતાની સખત મહેનતથી ગુજરાતનું નામ મોખરે રહે તે માટે સખત પ્રયત્ન કરતો રહે છે. હજારો મુશ્કેલીઓને માતા આપી પોતાની આગવી મહેનતથી સફળતા હાસિલ કરી હતી. રાષ્ટ્રીય લેવલને સીધી મળ્યા પછી તેમને હજારો લોકો શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

## સ્પેશિયલ ૧૩મી નેશનલ ગેમ્સમાં આર્યન સાંકડેચાનો ડબલ કમાલ, ગુજરાતને અપાવ્યા બ્રોન્ઝ અને સિલ્વર મેડલ

# બાળકોને ઓનલાઈન સ્વતંત્રતા આપવી કે સુરક્ષા? બંને વચ્ચેનું સંતુલન કેવી રીતે જાળવશો?




**રૂપલ વડગામા**
certified parenting Life coach and career counsellor
મો. ૯૪૨૮૧ ૫૮૦૯૪




**સમસ્યાઃ આજના માતા-પિતાની સૌથી મોટી ડિજિટલ ચિંતા**

આજના બાળકો માટે ઇન્ટરનેટ કોઈ નવી વસ્તુ નથી. અભ્યાસ, મનોરંજન, મિત્રો સાથે વાતચીત, ગેમિંગ, YouTube અને AI જેવા સાધનો તેમના રોજિંદા જીવનનો ભાગ બની ગયા છે. પરંતુ બાળકોને કેટલી ઓનલાઈન સ્વતંત્રતા આપવી?

ઘણા માતા-પિતા બે અતિરેક વચ્ચે અટવાઈ જાય છે. કેટલાક બાળકો પર સતત નજર રાખે છે, જ્યારે કેટલાક સંપૂર્ણ છૂટ આપી દે છે. બંને રીતો લાંબા ગાળે યોગ્ય નથી.

વધુ નિયંત્રણ બાળકોમાં છુપાવવાની વૃત્તિ, અવિશ્વાસ અને બળવો પેદા કરી શકે છે. બીજી તરફ, સંપૂર્ણ સ્વતંત્રતા તેમને અયોગ્ય સામગ્રી, સાયબર બુલિંગ, ઓનલાઈન ઠગાઈ, અજાણ્યા લોકોનો સંપર્ક અને સોશિયલ મીડિયાના દબાણ જેવા જોખમો સામે અસુરક્ષિત બનાવી શકે છે. બાળકો ને ધીમે ધીમે જવાબદાર ડિજિટલ નાગરિક બનાવવામાં આવે. સુરક્ષા અને સ્વતંત્રતા એકબીજાના વિરોધી નથી; યોગ્ય માર્ગદર્શન સાથે બંને શક્ય છે.

ઉકેલઃ બાળકોમાં સ્વસ્થ ડિજિટલ સ્વતંત્રતા વિકસાવવા માટે ૬ અસરકારક પગલાં

**૧. ઉંમર નહીં, પરંતુ પરિપક્વતા આધારે નિર્ણય લો :**

ઘણા માતા-પિતા માત્ર ઉંમર જોઈને મોબાઇલ અથવા સોશિયલ મીડિયા વાપરવાની છૂટ આપે છે. પરંતુ એક જ ઉંમરના બે બાળકોની સમજ, જવાબદારી અને નિર્ણય લેવાની ક્ષમતા અલગ હોઈ શકે છે.

બાળક વધુ સ્વતંત્રતા માટે તૈયાર છે કે નહીં તે જાણવા માટે આ પ્રશ્નો પૂછોઃ

શું તે ઓનલાઈન શું કરે છે તે ખુલ્લેઆમ જણાવે છે?

કોઈ મુશ્કેલી આવે તો તરત માતા-પિતાની મદદ લે છે?

ઘરના નક્કી કરેલા નિયમોનું પાલન કરે છે?

વ્યક્તિગત માહિતી શેર કરવાની ગંભીરતા સમજે છે?

જો જવાબ ''હા'' હોય, તો ધીમે ધીમે વધુ સ્વતંત્રતા આપી શકાય.

**૨. નિયંત્રણ કરતાં વિશ્વાસ અને સંવાદને પ્રાથમિકતા આપો**

માત્ર મોનિટરિંગ એપ્સ અથવા પેરેન્ટલ કંટ્રોલથી બાળકો સુરક્ષિત બની જતા નથી.

સૌથી અસરકારક સુરક્ષા એ છે કે બાળક કોઈ પણ અસમંજસ, ડર કે ભૂલ વિશે નિર્ભયતાથી માતા-પિતા સાથે વાત કરી શકે.

દરરોજ થોડા મિનિટ માટે પૂછોઃ

આજે ઓનલાઈન શું નવું શીખ્યો?

કોની સાથે વાત કરી?

કોઈ એવી વાત થઈ કે જેના કારણે તને અસ્વસ્થ લાગ્યું?

જ્યારે બાળકને લાગે કે તેને સાંભળવામાં આવે છે, ત્યારે તે જોખમ છુપાવતો નથી.

**૩. ઘરમાં સ્પષ્ટ અને સૌ માટે સમાન ડિજિટલ નિયમો બનાવો**

નિયમો સજા માટે નહીં, પરંતુ સુરક્ષા માટે હોવા જોઈએ.

ઉદાહરણ તરીકેઃ

ભોજન સમયે કોઈ મોબાઇલ નહીં.

સૂવાના એક કલાક પહેલાં સ્ક્રીન બંધ.

રાત્રે મોબાઇલ બેડરૂમમાં નહીં રાખવો.

નવી એપ ડાઉનલોડ કરતાં પહેલાં માતા-પિતાને જણાવવું.

અજાણ્યા વ્યક્તિની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારવી નહીં.

મહત્વનું એ છે કે નિયમો બાળકો ઉપરાંત માતા-પિતા પણ અનુસરે. બાળકો શબ્દો કરતાં વર્તનમાંથી વધુ શીખે છે.

**૪. બાળકોને જોખમોથી બચવા નહીં, જોખમોને ઓળખતા શીખવો**

ઇન્ટરનેટથી દૂર રાખવું શક્ય નથી, પરંતુ તેને સમજદારીથી વાપરવું શીખવવું શક્ય છે.

બાળકોને સમજાવો:

ફિશિંગ અને ઓનલાઈન ઠગાઈ કેવી રીતે ઓળખવી.

અજાણ્યા લોકો સાથે વ્યક્તિગત માહિતી કેમ શેર ન કરવી.

દરેક ફોટો અથવા મેસેજ કાયમ માટે ડિજિટલ દુનિયામાં રહી શકે છે.

કોઈ લિંક પર ક્લિક કરતાં પહેલાં વિચારવું.

કંઈ ખોટું લાગે તો તરત વિશ્વાસુ વડીલને કહેવું.

ડિજિટલ સાક્ષરતા ભવિષ્યની સૌથી જરૂરી જીવનકૌશલ્ય છે.

**૫. સ્વતંત્રતા ધીમે ધીમે વધારતા જાવ**

વિશ્વાસ એક દિવસમાં મળતો નથી.

શરૂઆતમાં વધુ માર્ગદર્શન આપો. જ્યારે બાળક જવાબદારી બતાવે, ત્યારે:

થોડો વધુ સ્ક્રીન સમય આપો.

નવી એપ ઉપયોગ કરવાની છૂટ આપો.

થોડું ઓછું મોનિટરિંગ કરો.

જો બાળક જવાબદારીપૂર્વક વર્તે તો વધુ વિશ્વાસ આપો. જો ભૂલ થાય તો સ્વતંત્રતા પાછી ખેંચી લેવાની જગ્યાએ સમજાવો અને ફરીથી માર્ગદર્શન આપો.

**૬. ડિજિટલ દુનિયામાં પણ મજબૂત સંબંધ જ સૌથી મોટી સુરક્ષા છે**

સૌથી સુરક્ષિત બાળકો તેઓ નથી જેમના ફોનમાં સૌથી વધુ નિયંત્રણ હોય.

સૌથી સુરક્ષિત બાળકો તેઓ છે જેમને વિશ્વાસ હોય કે કોઈ પણ સમસ્યા આવે તો તેમના માતા-પિતા તેમને સમજશે.

દરરોજ થોડો સમય બાળકો સાથે વિતાવો, તેમની ઓનલાઈન દુનિયામાં રસ લો, તેમની પસંદ-નાપસંદ જાણો અને તેમની લાગણીઓ સાંભળો.

વિશ્વસભર્યો સંબંધ જ સાયબર સુરક્ષાનું સૌથી મજબૂત કવચ છે.

**નિષ્કર્ષ :**

ડિજિટલ યુગમાં બાળકોને સંપૂર્ણ નિયંત્રણમાં રાખવું શક્ય નથી અને સંપૂર્ણ છૂટ આપવી પણ યોગ્ય નથી.

સાચું પાલનપોષણ એ છે જેમાં માતા-પિતા ધીમે ધીમે બાળકોને જવાબદારી, યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા અને ડિજિટલ સમજ આપે છે.

આપણો હેતુ દરેક ક્લિક પર નજર રાખવાનો નથી.

આપણો હેતુ એવા બાળકો ઘડવાનો છે, જે કોઈ દેખરેખ ન હોય ત્યારે પણ યોગ્ય નિર્ણય લઈ શકે.

સાચી ડિજિટલ સ્વતંત્રતા ત્યારે જ મળે છે, જ્યારે તેની સાથે જવાબદારી, સમજદારી અને વિશ્વાસ જોડાયેલા હોય.



# વિશ્વકર્મા વિશ્વથી પ્રભાવિત થતા પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્મા

## પોરબંદરના શ્રી કેતન ગજ્જર આયોજીત વિશ્વકર્મા સંમેલન પણ યાદ કર્યું




ભાજપના ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્માએ રાજકોટના જાણીતા ઉદ્યોગપતિ શ્રી કિશોરભાઇ ખંભાયતા (ડુનેક્ષ)ની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ દરમ્યાન વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જરે પણ શ્રી જગદીશ વિશ્વકર્મા શુભેચ્છા મુલાકાત લઇને 'વિશ્વકર્મા વિશ્વ' અર્પણ કર્યું હતું.


એપ્રિલ-૨૬માં પોરબંદરમાં શ્રી કેતનભાઇ ગજ્જરના નેતૃત્વમાં યોજાયેલ પ્રથમ વિશ્વકર્મા સમાજના ઐતિહાસિક સંમેલન અને બાલા હનુમાન જયંતિના અહેવાલો અને કવર પેઇજ નીહાળી શ્રી જગદીશ વિશ્વકર્મા પ્રભાવીત થયા હતા. આ સમયે તેઓએ પોરબંદરના શ્રી કેતન ગજ્જરને પણ યાદ કર્યા હતા અને તેમના આયોજનને પણ બિરદાવ્યું હતું.

## બાયપાસ સર્જરીને કહો બાય બાય...

# નેચરલ બાયપાસ (ઇઇસીપી) નવું જીવન પ્રદાન કરે છે




ગોંડલમાં ફરજ બજાવતા યુવાન સરકારી અધિકારી હૃદયરોગથી પરેશાન નિષ્ણાંત ડોકટરોની સલાહ લીધી ડોકટરોએ બાયપાસ સર્જરી કરાવવાની સલાહ આપી પણ આ અધિકારીને બાયપાસ સર્જરીમાં વિશ્વાસ ન હતો કારણ કે બાયપાસ કરાવ્યું હોય તેવા દર્દીઓ પણ બે-ત્રણ વર્ષમાં ફરી બાયપાસ કરાવવુ પડયુ હોય તેવા કિસ્સાઓ તેમના ધ્યાનમાં આવ્યા હતા. આ દરમ્યાન આ અધિકારીને કોઇજાતની સર્જરી વગર નેચરલ બાયપાસથી ઘણો ફાયદો થતો હોવાની માહિતી મળતા જ તેઓએ કાલાવડ રોડ પર રાણી ટાવરમાં આવેલ નોવા કલીનીકમાં ડો. ખેગાર પંડયાનો સંપર્ક સાધી અને નેચરલ બાયપાસ (ઇઇસીપી) ટ્રીટમેન્ટ કરાવી. આજે આ ઓફીસર હૃદય રોગથી મુકત થયા છે.



**ડો. ખેંગાર પંડયા**
**(M.B.B.S.) DNB (F.Medicine)**
**જનરલ ફિઝીશીયન એન્ડ સર્જન**

NOVA CLINIC

શું છે આ નેચરલ બાયપાસ સારવાર ? નેચરલ બાયપાસએ અમેરિકાની શોધ છે. અને અમેરિકામાં હૃદયરોગીઓ બાયપાસ સર્જરીને તિલાંજલી આપી રહયા છે. આ સારવાર કમ્પ્યુટરાઇઝ મશીનથી થાય છે. આ સારવારથી

## કાપકુપ વગરની રોજીંદુ જીવન જાળવી રાખતી સારવાર

# બાયપાસ કે સ્ટેન્ટ મુકાવવાના મોટા ખર્ચથી મળે છે છુટકારો

હૃદયમાં પાછા જતા લોહીની માત્રામાં વધારો થાય છે. આ સારવાર બાયપાસ કરતા અને સ્ટેન્ડ બેસાડવામાં થતા ખર્ચથી ઘણો ઓછો છે. મશીન પર ૪૦ દિવસ કે જરૂરીયાત પ્રમાણે રોજ એ સારવાર થાય છે. અને સારવાર શરૂ થતા દિન પ્રતિદિન રાહતનો અનુભવ થાય છે.

ઇઇસીપી સારવાર કઇ રીતે કામ કરે છે ? તેની સમજ આપતા ડો. ખેંગાર પંડયા કહે છે, ઇઇસીપી સારવાર પગથી હૃદય સુધી લોહીને ઉપર તરફ પંપ કરે છે. હૃદય સંપૂર્ણ આરામ કરે છે અને આખા શરીરમાં રકતભ્રમણને સુધારે છે. આ સારવારથી કોરોનરી ધમનીમાં સુક્ષ્મવાહીનીઓ ખોલીને હૃદયમાં ઓકસીજનયુકત લોહીમાં સુધાર થાય છે. જેથી અવરોધની આસપાસ કુદરતી બાયપાસ થાય છે.



## નોવા કલીનીકના ડો. ખેંગાર પંડયાએ નેચરલ બાયપાસથી થતા ફાયદા અંગે આપી જાણકારી

ઇઇસીપી સારવારથી મળતા લાભો અંગે ડો. ખેંગાર પંડયા કહે છે, આ નેચરલ બાયપાસ (ઇઇસીપી) સારવારથી કોલેસ્ટરલ પરિભ્રમણ વધે છે, નવી સુક્ષ્મ રકતવાહીઓ બને છે, કુદરતી બાયપાસને ઉતેજીત્ત કરે છે, ધમનીની જડતા ઘટાડે છે. અંગની નિષ્ક્રીયતા સુધારે છે. મગજમાં લોહીનો પ્રવાહ સુધારે છે. કાર્ડીયોવેસ્કુલર સીસ્ટમ મજબુત બનાવે છે. હૃદયરોગની અસર ઉલટાવે છે. નાઇટ્રીક ઓકસાઇડ વધારે છે, આયુષ્યમાં વધારો કરે છે, વૃદ્ધત્વ વિરોધી શારીરિક અસરોને ઉત્તેજીત કરે છે, અંગો અને પેશીઓને પુનઃજીવીત કરે છે અને ચિંતા અને હતાશા ઘટાડે છે.



ડો. ખેંગાર પંડયા કહે છે, જે હૃદયના દર્દીઓનું ઓપરેશન શકય નથી, જેઓ છાતીમાં દબાણ કે દુઃખાવો અનુભવતા હોય, તેવા લોકો તેમજ બાયપાસ સર્જરીના મોટા ખર્ચથી બચવા માંગતા હૃદયના દર્દીઓ માટે આ નેચરલ બાયપાસ સારવાર આશીર્વાદ સમાન છે.

કંઠમાળ અથવા હૃદયની નિષ્ફળતાથી પીડિત લોકો રોજીંદા કામો સરળતાથી કરી શકતાનથી. જેમ કે ચાલવુ, પગથીયા ચડવા મુશ્કેલી અનુભવવી આવા દર્દીઓ માટે ઇઇસીપી સારવાર આશીર્વાદ રૂપ સાબીત થઇ ચુકી છે. આ સારવાર લઇ ચુકેલા મોટાભાગના દર્દીઓએ રાહતનો અનુભવ કર્યો છે અને બાયપાસ સર્જરી અથવા સ્ટેન્ટ કરતા વધુ સમય સુધી ટકી શકે છે.


**: સારવાર માટે સંપર્ક :**

## નોવા કલીનીક,

**રાણીટાવર, પહેલા માળે, શોપ નં. ૨૭, ક્રિસ્ટલ મોલની સામે, કાલાવડ રોડ, રાજકોટ.**

**મો. ૯૯૦૯૯ ૯૭૪૫૭ / ૯૯૦૯૯ ૯૭૪૬૭**

# હવે રીક્ષાચાલકની નહીં RTLના કારીગરની પુત્રી C.A. બનશે

## દિપ્સી સીએ થાય ત્યાં સુધીનો સંપૂર્ણ ખર્ચ શ્રી રવિકુમાર ફાઉન્ડેશન ઉપાડશે



રાજકોટના પીપળીયા ટોલ નાકા પાસે આવેલ રવિ ટેકનોફોર્જના ચેરમેન શ્રી અમુભાઇ ભારદીયા સફળ ઉદ્યોગપતિની સાથોસાથ ઉમદા અને સંવેદનશીલ દાતા પણ છે. સમાજની દીકરી પૈસાના અભાવે ઉચ્ચ શિક્ષણથી વંચીત રહી જતી હોય તેવા કિસ્સા ધ્યાનમાં આવતાની સાથે જ તેમનુ સંવેદનશીલ હૃદય દ્રવી ઉઠે છે. અને આવા તેજસ્વી વિદ્યાર્થી માટે તન-મન-ધનથી સહયોગ આપે છે.

તાજેતરનું ઉદાહરણ જોઇએ તો ગોંડલ પાસેના પીપળીયા રહેતા અને ગોંડલમાં રીક્ષા ચલાવી ગુજરાન ચલાવતા પ્રતાપભાઇ પેશાવરીયાની પુત્રી દિપ્સીએ કોઇ જાતના ટયુશન વગર એચએસસીમાં ૯૯.૪૯ પીઆર મેળવ્યા જેમાં એકાઉન્ટન્ટમાં ૧૦૦માંથી ૧૦૦ અને અંગ્રેજીમાં ૯૧ માર્ક આવ્યા છે. વિશ્વકર્મા વિશ્વના ગત મહિનાના શૈક્ષણિક વિશેષાંકમાં દિપ્સીએ ચાર્ટર્ડ એકાઉટન્ટ બનવાની ઇચ્છા વ્યકત કરી હતી. દિપ્સીના પિતા પણ મુંજવણમાં મુકાયા કે દિકરીનું સ્વપ્ન કેમ સાકાર કરીશ પરંતુ આ બાબત શ્રી અમુભાઇ ભારદીયાને વિશ્વકર્મા વિશ્વના માધ્યમથી જાણ થતા જ તેમણે દિપ્સી અને તેના પિતા પ્રતાપભાઇને રવિ ટેકનોફોર્જ પોતાની ઓફીસે બોલાવ્યા અને દિપ્સી અને પિતા સાથે વાત જાણી. દિપ્સી પાસેથી સી.એ. બનવાનું દૃઢ મનોબળ નિહાળી. શ્રી અમુભાઇ ભારદીયાએ દિપ્સીને કહયું, આજથી મારી દિકરી ગણું છું. તું સીએ થાય ત્યાં સુધીની આર્થિક જવાબદારી શ્રી રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશન સંભાળશે. તુ સીએ થા ત્યાં સુધી જે ખર્ચ થાય તે આ ટ્રસ્ટ ભોગવશે.



ઉચ્ચ શિક્ષણ માટેની શ્રી અમુભાઇ ભારદીયાની સંવેદનશીલતા અને ઉદારતા નીહાળી દિપ્સી અને તેના પિતા ગદગદીત થયા અને હર્ષના આંસુ આવ્યા. શ્રી અમુભાઇ ભારદીયાએ દીપ્સીનું તુ ચોકકસ સીએ થઇશ તેવા આશીર્વાદ આપ્યા. હૃદયભાવથી ભીંજાય જાય તેવા આ અવસરના સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય મને પણ (પ્રવીણ ગજ્જર)ને મળ્યું હતું.

શ્રી અમુભાઇ દિપ્સીને દત્તક લેવાથી અટકયા નહીં. તેમણે પરિવાર સમૃદ્ધ થાય તેની પણ ચિંતા કરી અને દિપ્સીના પિતા પ્રતાપભાઇને રીક્ષા ચલાવવાનું બંધ કરી રવિ ટેકનોફોર્જમાં કામે લાગી જવાની ઓફર કરી જે પ્રતાપભાઇ પેશાવરીયાએ સ્વીકારી એટલું જ નહીં ૧ જુલાઇથી પ્રતાપભાઇ રવિ ટેકનોફોર્જના મેઇન્ટેનન્સ ડીપાર્ટમેન્ટમાં કામે પણ લાગી ગયા છે.

ગત શૈક્ષણિક અંકમાં તો 'ગોંડલના રીક્ષાચાલકની પુત્રી દિપ્સી સી.એ. બનશે' તેવા હેડીંગથી સમાચાર પ્રસિદ્ધ થયા હતા. પરંતુ હવે રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશનની આર્થિક સહાયથી દિપ્સી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બની એવા હેડીંગ સાથે સમાચાર પ્રસિદ્ધ થશે.

**સંવેદનશીલ દાતા શ્રી અમુભાઇ ભારદીયાએ દિપ્સીને દત્તક લઇ સીએ બનાવાશે**

## શ્રી કિશોરભાઈ ખંભાયતા (ડુનેક્ષ)ના નેતૃત્વમાં

# બાબા બાગેશ્વરે

## રાજકોટ જ નહીં સમગ્ર સૌરાષ્ટ્રને સનાતની રંગે રંગી દીધું

• પ્રવીણ ગજજર

### રાજકોટમાં બાગેશ્વર ધામ જેવો જ માહોલ સર્જાયો

### સનાતન સેતુ હનુમંત કથા અને બાબાના દિવ્ય દરબારમાં લાખો લોકો ઉમટયા

ફકત પાંચ વર્ષના ગાળામાં દેશ અને વિદેશના લાખો લોકોના હૃદયમાં સ્થાન પામેલ શ્રી ધીરેન્દ્ર શાસ્ત્રી એટલે કે બાબા બાગેશ્વરની કથાનું આયોજન કરવાની અનેક ભાવિકોને ઈચ્છા હોય છે પરંતુ આવી ઈચ્છા નશીબદાર ને જ મળે અને બાગેશ્વર હનુમાનના આશીર્વાદ હોય તો જ મળે. રાજકોટના ઉદ્યોગપતિ અને દાતા શ્રી કિશોરભાઈ ખંભાયતા (ડુનેક્ષ)ની પણ કથાના આયોજનની ઈચ્છા હતી. તેમાં પણ બાગેશ્વર હનુમાનના આશીર્વાદથી બાગેશ્વર બાબાએ કિશોરભાઈ ખંભાયતાને કથાનું







# સંગઠીત હિંદુ સમાજ જ ભારતને વિશ્વ ગુરૂ બનાવશે : શ્રી ધીરેન્દ્રકુમાર શાસ્ત્રી

આયોજન કરવા લીલીઝંડી આપી. કથાને મંજૂરી મળતા શ્રી કિશોરભાઇ ખંભાયતાએ પ્રથમ તો બાગેશ્વર ધામમાં જ કથાનું આયોજન વિચાર્યું હતું. પરંતુ આમ કરવાથી બાગેશ્વર ધામની આજુબાજુના લોકોને જ કથાનો લાભ મળે. રાજકોટમાં કથાનું આયોજન કરવું હોય તો સમર્પિત કાર્યકરોની ફોજની જરૂર પડે. શ્રી કિશોરભાઇ ખંભાયતાએ આ અંગે મિત્રોને જાણ કરી ત્યારે આરએસએસની સંસ્થાઓ વિશ્વ હિંદુ પરીષદ, હિંદુ જાગરણ મંચ, અને બજરંગ દળના આગેવાનો-કાર્યકરોએ રાજકોટમાં બાબા બાગેશ્વરની કથાનું આયોજન થાય તો સંપૂર્ણ સહકાર આપવાનું જણાવતા શ્રી કિશોરભાઇ ખંભાયતા (ડુનેક્ષ) સંપૂર્ણ ખર્ચ સાથે આયોજન માટે સહમત થયા અને પરિણામે શ્રી કિશોરભાઇ ખંભાયતાના નેતૃત્વમાં બનેલ સૌરાષ્ટ્ર સનાતન સમિતિ અને ૭૦૦ જેટલા કાર્યકરોની જહેમતથી રાજકોટને આંગણે સનાતન સેતુ હનુમંત કથા અને બાબા બાગેશ્વરના દિવ્ય દરબારનું ૫ થી ૭ જુન ત્રિદિવસીય આયોજન સફળતાપુર્વક સંપન્ન થયું.

શ્રી ધીરેન્દ્રકુમાર શાસ્ત્રી ૩ વર્ષ બાદ રાજકોટ આવી રહયા હોવાથી શહેરીજનોમાં અનેરો ઉત્સાહ જાગૃત થયો હતો. બાબાના આગમન પહેલા શહેરના અલગ અલગ વિસ્તારમાંથી નીકળેલ કળશ યાત્રાઓથી શહેર ભાવ અને ભકિતના રંગેરંગાઇ ચુકયું હતું.

તા. ૫મીએ ધીરેન્દ્રકુમાર શાસ્ત્રીનું આગમન થયું અને અમીન માર્ગ પર આવેલ કિંગ્ઝ હાઇટમાં આવેલ શ્રી કિશોરભાઇ ખંભાયતાના નિવાસસ્થાને આગમન થયું ત્યારે અનેક શ્રદ્ધાળુઓએ તેમનું સ્વાગત કર્યું હતું. શ્રી કિશોરભાઇ ખંભાયતાના નિવાસસ્થાને બાબા બાગેશ્વરની પધરામણી થતા શ્રી કિશોરભાઇ ખંભાયતાના ધર્મપત્ની મીનાક્ષીબેને કુમકુમ તિલક કરી સ્વાગત કર્યું હતું. પુત્ર કેતન, પુત્રીઓ હિરલબેન અને મીનલબેન, યશ હર્ષદભાઇ પીલોજપરા, જેવીન પિલોજપરા, હર્ષદભાઇ વગેરેએ પણ ફુલહારથી બાબા બાગેશ્વરનું સ્વાગત સન્માન કર્યું હતું.

સાંજના ૭ વાગ્યાથી સનાતન સેતુ હનુમંત કથાનો રેસકોર્ષ ગ્રાઉન્ડ પર પ્રારંભ થયો તે પહેલા સાંસ્કૃતિક








# બાબાના દિવ્ય દરબારમા અનેકના દુઃખ દર્દ દુર થયા

કાર્યક્રમ, ભજનથી રમઝટ બોલી હતી.

બાબા બાગેશ્વરનું આગમન બાદ કથાના પ્રારંભમાં જ બોગસ વિરોધીઓને ઝાટકતા કહયું કે, હું હિંદુ રાષ્ટ્રની વાત કરૂ છું. હિંદુ ધર્મની વાત કરૂ છું. મારો વિરોધ કરતા લોકોને કહેવા માંગું છું કે, મારી પાસે કોઇ મેલી વિદ્યા નથી. વિરોધીઓને કહેવાનું સનાતન કથાનો જ વિરોધ શા માટે ? ચાદર ચડાવવા જતા હિંદુઓનો વિરોધ કેમ કરવા જતા નથી. તેમણે કહયું અમે તો ધર્માતરણ રોકી રહયા છીએ.

સનાતન સેતુ હનુમંત કથાના બીજે દિવસે શ્રી ધીરેન્દ્ર શાસ્ત્રી ‘બાબા બાગેશ્વર’ રાજકોટની કથાના આયોજનને બિરદાવી કહયુ કે, કિશોરભાઇ ખંભાયતા (ડુનેક્ષ) અને તેના નેતૃત્વ હેઠળની ટીમનું આયોજન કાબીલેદાદ છે. વિશાળ સ્ટેજ, ડેકોરેશન, લાઇટીંગ વ્યવસ્થાનું પણ તેમણે ખુબ જ વખાણ કરવાની સાથે ફરી આવવાનું વચન આપ્યું હતું.

બીજા દિવસે પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે ધર્માંતરણ, જેહાદ, રાજકારણ અને સોશિયલ મીડિયા પર ચાલી રહેલા વિવાદો અંગે હિંસક અને સણસણતા નિવેદનો આપીને નવો વિવાદ છેડ્યો છે. તેમણે ગુજરાત અને રાજકોટને શક્તિ તથા ભક્તિની પવિત્ર ભૂમિ ગણાવી હતી.

ગુજરાત સહિત દેશભરમાં ચાલી રહેલા વિવિધ વિવાદો અને જેહાદના મુદ્દે ધીરેન્દ્ર શાસ્ત્રીએ મોટું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે, દેશમાં અત્યાર સુધી લેન્ડ જેહાદ અને લવ જેહાદના કિસ્સાઓ સામે આવતા હતા, પરંતુ હવે એક નવો જ ખતરનાક ટ્રેન્ડ શરૂ થયો છે, જેને ‘દોસ્તી જેહાદ’ કહી શકાય. તાજેતરમાં ઉત્તર પ્રદેશમાં સૂર્યા નામના યુવક સાથે દોસ્તી જેહાદ આચરીને તેની નિર્મમ હત્યા કરવામાં આવી હોવાનો દાખલો તેમણે આપ્યો હતો. આ ઉપરાંત, તેમણે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં મોટા પાયે થઈ રહેલા ધર્માંતરણ સામે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું કે, આ વિસ્તારમાં





# હું ચમત્કાર કરતો નથી, તમારી શ્રદ્ધા અને હનુમાનજી બાબાની શકિતનો આ પ્રતાપ છે : : શ્રી ધીરેન્દ્રકુમાર શાસ્ત્રી

સનાતન ધર્મ પ્રત્યે જાગૃતતા લાવવી ખૂબ જ જરૂરી છે અને તેઓ પોતે ટૂંક સમયમાં દક્ષિણ ગુજરાતની રૂબરૂ મુલાકાત લઈને ધર્માંતરણ વિરૂદ્ધ જાગૃતિ અભિયાન ચલાવશે.

આજના આધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના યુગ પર કટાક્ષ કરતા બાબા બાગેશ્વરે સનાતનીઓને એક થવા અપીલ કરી હતી. તેમણે નવો જ નારો આપતા કહ્યું કે, અત્યારે દેશમાં 'HI' એટલે કે હિન્દુ ઈન્ટેલિજન્સની સૌથી વધુ જરૂરિયાત છે. હિન્દુઓએ આર્થિક અને સામાજિક રીતે સક્ષમ બનવા માટે હિન્દુઓની દુકાનમાંથી જ ખરીદી કરવી જોઈએ અને હંમેશા હિન્દુઓ સાથે જ રહેવું જોઈએ. દેશના અમીર હિન્દુઓએ આગળ આવીને ગરીબ હિન્દુ પરિવારોને મદદ કરવી જોઈએ જેથી તેમનું ધર્માંતરણ અટકાવી શકાય.



પોતાના રાજકીય વિચારો અને પક્ષો અંગે નિવેદન આપતા ધીરેન્દ્ર શાસ્ત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, ''હું કોઈ રાજયોગી નથી, પરંતુ માત્ર એક ધર્મવક્તા છું.'' રાજકીય પક્ષો અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે દેશમાં કોઈપણ નવી કે જૂની રાજકીય પાર્ટી હોય, પરંતુ તેમાં અહિંસા હોવી અનિવાર્ય છે. સત્તા માટે દેશમાં કોઈપણ પ્રકારની અશાંતિ કે હિંસા ફેલાવવી જોઈએ નહીં, કારણ કે રાષ્ટ્રની શાંતિ સર્વોપરી છે.

પોતાની ચમત્કારી શક્તિઓ અને દિવ્ય દરબાર સામે ઉઠતા અંધશ્રદ્ધાના સવાલો પર પલટવાર કરતા તેમણે કહ્યું કે, ''અમે સમાજમાં કોઈ અંધશ્રદ્ધા નથી ફેલાવતા. હું ક્યારેય લોકોને મારી પૂજા કરવાનું નથી કહેતો, હું તો સંકટમોચન હનુમાનજીની પૂજા અર્ચના કરવાનું કહું છું.''

પોતાના વિરોધીઓ પ્રત્યે નરમ વલણ દાખવતા તેમણે કહ્યું કે, જે લોકો મારો વિરોધ કરે છે તે પણ આપણા જ પરિવારના સભ્યો છે, તેથી હું તેમના પર કોઈ આકરી ટિપ્પણી નહીં કરૂં. હું તેમને ખુલ્લું આમંત્રણ આપું છું કે તેઓ મારી પાસે આવે, મને રૂબરૂ મળે અને મારી સાથે સકારાત્મક ચર્ચા કરે.

સેતુ હનુમંત કથાના ત્રીજા દિવસે રાજકોટના કથા મંડપમાં એક અલૌકિક માહોલ સર્જાયો હતો. લાખો ભક્તોની ઉપસ્થિતિ વચ્ચે રવિવારે ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી (બાબા બાગેશ્વર) દ્વારા 'દિવ્ય દરબાર' ભરવામાં આવ્યો હતો. આ દરબારમાં બાબાએ પોતાની આગવી શૈલીમાં દૂર દૂરથી આવેલા ભાવિકો, અનુયાયીઓની જટિલ સમસ્યાઓ, પારિવારિક કંકાસ અને વર્ષો જૂની બીમારીઓનું સમાધાન કરી ભક્તોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. દિવ્ય દરબારમાં આવેલી એક

જરૂરિયાતમંદ અને મજૂરીકામ કરતી મહિલાને બાબા બાગેશ્વરે રોકડ મદદ પણ કરી હતી.

દિવ્ય દરબારની શરૂઆત થતાં જ બાબા બાગેશ્વરે હનુમંત ચરણોમાં ધ્યાન ધરીને લાલ કલમથી અગાઉથી જ કાગળ (પરચો) લખવાનું શરૂ કર્યું હતું. દરબારમાં કોઈ વ્યક્તિ આગળ આવે તે પહેલાં જ બાબાએ તેના મનમાં ચાલતી મૂંઝવણો કાગળ પર ઉતારી દીધી હતી. અનુયાયીઓની સમસ્યાઓનું સમાધાન કર્યા બાદ બાબા બાગેશ્વરે મંચ પરથી ગર્જના કરતા જણાવ્યું હતું કે, હું કોઈ ભગવાન કે ચમત્કારી પુરુષ નથી. હું માત્ર મારા બાગેશ્વર ધામના બાલાજીનો એક સામાન્ય સેવક છું. તમારી શ્રદ્ધા અને હનુમંત લલાની શક્તિ જ તમારા પ્રશ્નો અને પીડાઓને હરી રહી છે.' કથાના ત્રીજા દિવસનો આ દિવ્ય દરબાર સૌરાષ્ટ્રના ઇતિહાસમાં શ્રદ્ધા, સનાતન સંસ્કૃતિ અને આધ્યાત્મિક શક્તિનો એક અનોખો સેતુ સાબિત થયો હતો.

આ સભા દરમિયાન અપાયેલા મુખ્ય સંદેશાઓ અને વિચારોમાં તેમણે કહ્યું હતું કે 'દિલ અને સપનામાં વાસ એટલે કે પ્રભુ સપનામાં હોય કે દિલની અંદર, તે હંમેશા આપણી સાથે જ છે. ભારતમાં જન્મ લેનાર પ્રત્યેક વ્યક્તિ હિન્દુ છે તેવો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો હતો. અનુયાયીઓની ચિંતા દૂર કરતા જણાવાયું હતું કે, આજથી તમારી સમસ્યા તમારી નથી, પરંતુ અમારા આશ્રમની છે.

રાજકોટને આંગણે યોજાઇ ગયેલ આ ઐતિહાસિક અવ-સરનો લહાવો લેવા સૌરાષ્ટ્ર-ગુજરાત-મુંબઇ-યુકે-સીંગાપોર, ઇંદોર, જેવા શહેરોના મહાનુભાવો, ધારાસભ્યો, સાંસદ સભ્યો, ઉદ્યોગપતિઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. બહારગામથી આવેલા સુથાર સમાજના આગેવાનોની રહેવા સહિતની વ્યવસ્થા જગુભાઇ ભારદીયાએ સંભાળી હતી. અવસર દરમ્યાન કાર્યકરો માટે રસોડુ ધમધમતુ રહયું હતું. અવસર પૂર્ણ થયા બાદ શ્રી કિશોરભાઇ ખંભાયતાએ પાર્ટી પ્લોટમાં સ્નેહમિલન યોજી ૭૦૦ જેટલા કૃતિશીલોનું શાલ ઓઢાડી સન્માન કરી સમુહ પ્રસાદનું આયોજન કર્યું હતું.

## જાન્યુ.૨૦૨૭માં ગાંધીધામમાં બાબા બાગેશ્વરની કથાઃ સોમનાથ-જુનાગઢમાં પણ ૨૦૨૭માં આયોજન



રાજકોટ સહિત સૌરાષ્ટ્રની ધાર્મિક પ્રજાને શ્રી ધીરેન્દ્રકુમાર શાસ્ત્રીજીની કથા અને દિવ્ય દરબારનો લાભ મળ્યો તેવો લાભ આવતા વર્ષે એટલે કે ૨૦૨૭માં સૌરાષ્ટ્ર-કચ્છના ત્રણ મુખ્ય શહેરોને પણ મળવાનો છે. નવા વર્ષના પ્રારંભમાં એટલે કે ૨૧ થી ૨૫ એમ પાંચ દિવસ કચ્છના ગાંધીધામમાં બાબા બાગેશ્વરની કથા અને દિવ્ય દરબાર યોજાશે. આવી જ રીતે બાબા બાગેશ્વર જે પવિત્ર તીર્થધામનો અવારનવાર ઉલ્લેખ કરે છે. તેવા પવિત્ર તીર્થધામ સોમનાથ અને જુનાગઢમાં પણ ૨૦૨૭માં બાબા બાગેશ્વરની કથા અને દિવ્ય દરબાર યોજાશે જેની તારીખ હવે પછી જાહેર થશે તેમ રાજકોટમાં યોજાઇ ગયેલ સનાતન સેતુ હનુમંત કથા અને દિવ્ય દરબારના યજમાન શ્રી કિશોરભાઇ ખંભાયતા (ડુનેક્ષ)એ વિશ્વકર્મા વિશ્વને જણાવ્યું હતું.

# શ્રી કિશોરભાઇ ખંભાયતાના નિવાસસ્થાને શ્રી ધીરેન્દ્રકુમાર શાસ્ત્રી (બાબા બાગેશ્વર)ની પધરામણીની તસવીરી ઝલક











# શ્રી કિશોરભાઇ ખંભાયતા (ડુનેક્ષ)ની શુભેચ્છા મુલાકાતે શ્રી જગદીશ વિશ્વકર્મા

## કિશોરભાઇ ખંભાયતાના વોટર રીસાયકલીંગ પ્રોજેકટથી શ્રી વિશ્વકર્મા પ્રભાવિત







વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વડાપ્રધાન તરીકે ૧૨ વર્ષ રહીને રચાયેલો અનેરી સિદ્ધિની ઉજવણી થઇ રહી છે. ત્યારે પ્રદેશ ભાજપના હોદ્દેદારો-મંત્રીઓ વગેરે પ્રબુદ્ધ નાગરીકો, ઉદ્યોગપતિઓ, કલાકારો, ખેલાડીઓના નિવાસસ્થાને જઇને વડાપ્રધાનના કાર્યકાળના ૧૨ વર્ષની અદ્વિતીય સિદ્ધિઓથી વાકેફ કરી ચર્ચા-વિચારણા કરે છે. જેના અનુસંધાને ગઇકાલે રાજકોટ આવેલા ગુજરાતના પ્રદેશ પ્રમુખની જગદીશ વિશ્વકર્માએ જાણીતા ઉદ્યોગપતિ, દાતા અને જેના કારણે રાજકોટમાં સૌરાષ્ટ્રની જનતાને બાગેશ્વર ધામના પીઠાધીપતિ શ્રી ધીરેન્દ્રકુમાર શાસ્ત્રી (બાબા બાગેશ્વર) શ્રી સનાતની વાણીનો લાભ મળ્યો તેવા શ્રી કિશોરભાઇ ખંભાયતા (ડુનેક્ષ)ના નિવાસસ્થાને જઇને શ્રી જગદીશ વિશ્વકર્માએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. શ્રી જગદીશ વિશ્વકર્માનું શ્રી કિશોરભાઇ ખંભાયતા તેના પુત્ર કેતન ખંભાયતા અને પરિવારજનોએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. શ્રી કિશોરભાઇ ખંભાયતાએ 'સરદાર પટેલ' પુસ્તક ભેટ આપ્યું હતું. જયારે શ્રી જગદીશ વિશ્વકર્માએ શ્રી કિશોરભાઇ ખંભાયતાને વડાપ્રધાનની ૧૨ વર્ષની સિદ્ધિને આલેખતા પાંચ પુસ્તકો અર્પણ કર્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના ગાળામાં દેશે આપેલ અદ્વિતિય પ્રગતિ અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતે મેળવેલ કિર્તીથી શ્રી જગદીશ વિશ્વકર્માએ કિશોરભાઇ ખંભાયતાને વાકેફ કર્યા હતા. શ્રી કિશોરભાઇ ખંભાયતાએ પણ દેશે સાધેલ ઔદ્યોગિક પ્રગતિ અંગે પોતાના વિચારો વ્યકત કરવાની સો અત્યારની સૌથી પાણીની સમસ્યાના ઉકેલ અંગે તેમજ રિસાયકલીંગ વોટર પ્રોજેકટની સચિત્ર જાણકારી આપી હતી.

આ વોટર સાયકલીંગ પ્રોજેકટ અંગે શ્રી જગદીશ વિશ્વકર્માએ ભારે ઉત્સાહ બતાવી. પ્રોજેકટના અમલીકરણ માટે ઉત્સાહ દાખવ્યો હતો.

રાજકોટમાં બાબા બાગેશ્વરની હનુમંત સેતુ કથા અને દિવ્ય દરબારનું આયોન કરવા બદલ શ્રી વિશ્વકર્માએ કિશોરભાઇને અભિનંદન આપ્યા હતા.

શ્રી કિશોરભાઇ ખંભાયતાની શ્રી જગદીશ વિશ્વકર્માએ લીધેલ શુભેચ્છા મુલાકાત સમયે કિશોરભાઇ ખંભાયતાના પરિવારજનો મીનાક્ષીબેન કિશોરભાઇ ખંભાયતા, કેતન કિશોરભાઇ ખંભાયતા, હિરલબેન, મનાલીબેન, યશ હર્ષદભાઇ પિલોજપરા, જેવીન પિલોજપરા, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જર, શ્રી ભીખાભાઇ ગજેરા, ખોડલધામના ટ્રસ્ટી શ્રી જીતુભાઇ શીયાણી, પ્રદેશ ભાજપના મહામંત્રી અનિરુદ્ધ દવે, શ્રી પ્રશાંત કોરાટ, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, ભાજપ અગ્રણી શ્રી નીતિન ભારદ્વાજ પણ ઉપસ્થિત રહયા હતા.

# જામખંભાળીયામાં શ્રી વિશ્વકર્મા પુરાણનું થયુ અદકેરૂ આયોજન : વિવિધ ઉત્સવો ઉજવાયા

## દાતાઓના સહયોગથી દરરોજ ભોજન પ્રસાદ પીરસાયો




દેવભૂમિ દ્વારકા જીલ્લામાં જામખંભાળીયા આવેલ જામખંભાળીયા શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા સંસ્થાના વિશ્વકર્મા બાગ ખાતે જ્ઞાતિજનોના સુખાકારી અર્થે શ્રી વિશ્વકર્મા પુરાણ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૦/૬/૨૬થી તા. ૧૫/૬/૨૬ દરમ્યાન યોજાયેલ આ જ્ઞાનયજ્ઞની વ્યાસપીઠ પર જામનગરના શ્રી હિતેશભાઇ નવલશંકર ભટ્ટે વ્યાસપીઠ પર બીરાજી વિશ્વકર્મા પ્રભુજીના ગુણગાન ગાઇને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. દરરોજ બપોરે ત્રણ વાગ્યાથી સાંજ સુધી ચાલતા આ જ્ઞાનયજ્ઞમાં જામખંભાળીયાના સમગ્ર સમાજ અને આજુબાજુના ગામડાના લોકો પણ ઉમટી પડયા હતા અને અનોખુ એકતાનું અનોખુ દૃશ્ય સર્જાતુ હતું. દરરોજ જ્ઞાનયજ્ઞ પૂર્ણ થયા બાદ તમામ ભાવિકો માટે ભોજનપ્રસાદની વ્યવસ્થા રાખી હતી. દરરોજ સાંજના ભોજનમાં મીષ્ટાન સાથેની અવનવી વાનગીઓનો પ્રસાદ લઇ લોકો ધન્ય બન્યા હતા. અને આયોજકો પર અભિનંદનનો વરસાદ વરસાવ્યો હતો.



કથાના પ્રારંભ પહેલા ભવ્ય પોથીયાત્રા કાઢવામાં આવી હતી. શ્રી લક્ષ્મીનારાયણ મ્રદિરે બેઠક રોડથી નીકળેલ શોભાયાત્રા વાજતે ગાજતે વિશ્વકર્મા બાગ ખાતે પહોંચી હતી ત્યારે પોથીયાત્રાના દર્શન કરવા મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. ઢોલ નગારા અને રાસ ગરબાની બહેનોન રમઝટ બોલાવી હતી યુવાનો પણ રથયાત્રામાં મનભરી નાચ્યા હતા. પોથીયાત્રા વિશ્વકર્મા બાગ ખાતે પહોંચ્યા બાદ તેનુ ભાવભીનુ સ્વાગત કરવામાં આવ્યું હતું. અને બાદમાં શાસ્ત્રોકત વિધિથી પુજન કરવામાં આવ્યું હતું. અને બાદમાં કથા વાચક શ્રી હિતેષભાઇ ભટ્ટે વિશ્વકર્મા દાદાની કથાનું મહાત્મય વર્ણવ્યું હતું. તેમણે સમગ્ર સૃષ્ટિનું સર્જન કરનાર વિશ્વકર્મા પ્રભુજી દેવોના પણ દેવ છે અને આપણા તો ઇષ્ટદેવ છે તેમ જણાવી વિશ્વકર્મા પ્રભુજીનો નાતો બુલંદ બનાવવા હાકલ કરી હતી. વિશ્વકર્મા પ્રભુજીની કથાથી જીવન તરી જવાય છે. તેમ કહીને તેમણે વિશ્વકર્મા









# શ્રી અમુભાઇ ભારદીયા સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ




પ્રભુજીનો મહીમા વર્ણવ્યો હતો. દરરોજ ઉત્સવો ઉજવાયા હતા.

તા. ૧૧ના રોજ કથાકારે શ્રી વિશ્વકર્મા દાદાના પૃથ્વી પરના પ્રાગટયનું વર્ણન કર્યું હતું. ત્યારે વિશ્વકર્મા પ્રભુજીના નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. તા. ૧૨ના રોજ વિશ્વકર્મા દાદાના પાંચ પુત્રોનું અને વાસ્તુદેવનું પ્રાગટય થયું હતું. તા. ૧૩ના રોજ શ્રી સુર્યનારાયણ- રન્નાદેનો લગ્નોત્સવ ભારે ધામધુમથી ઉજવાયો હતો. તા. ૧૪ના રોજ રવિવારે શ્રી રામજન્મ અને શ્રી કૃષ્ણ જન્મોત્સવની ભાવ અને ભકિતથી ઉજવણી થઇ હતી. રામ અને કૃષ્ણના વેશ પરિધાન કરેલા કલાકારોએ સુંદર હાવભાવ દર્શાવી સૌને ભાવવિભોર કરી દીધા હતા. ૧૫ના રોજ સોમવારે કથા વિરામના દિવસે કથાકારે દાદાના પરચાઓને વિવિધ કથાઓ રજુ કરી હતી. જે સાંભળી ભાવિકો ધન્ય બન્યા હતા.



જ્ઞાનયજ્ઞ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમોની પણ રમઝટ બોલાવી હતી. તા. ૧૩ના રોજ રાત્રીના દાંડીયા રાસની રમઝટ બોલી હતી. સમગ્ર સમાજના લોકોએ વિવિધ ગીતોની રમઝટ વચ્ચે દાંડીયા રાસની રમઝટ બોલાવી હતી.

તા. ૧૪ના રોજ રાત્રે શ્રી ગાયત્રી ગરબા મંડળ, શ્રી નાથજી કલા ગ્રુપ દ્વારા શ્રીનાથજીની ઝાંખી રજુ કરવામાં આવી હતી.

દરરોજ કથા પૂર્ણ થયા બાદ સમુહ ભોજન પ્રસાદ રાખવામાં આવ્યો હતો. જેનો સમગ્ર ખંભાળીયાના સમાજ તેમજ મહેમાનોએ લાભ લીધો. મુકેશભાઇ મોહનભાઇ સુરેલીયા તથા તેમની ટીમે ખુબ જ







# જ્ઞાનયજ્ઞની સાથોસાથ સાંસ્કૃતિક કાર્યક્રમ રમઝટ

સુંદર આયોજન કર્યું હતું. સમુહપ્રસાદ દાતાઓના સહકારથી યોજવામાં આવ્યો હતો. સમુહ ભોજનના દાતા તરીકે યુ.કે. લેસ્ટરના (મુળ બાકોડી), પ્રવીણભાઇ દયાળજીભાઇ વઘાડીયા, ખંભાળીયાના શ્રી હેમંતભાઇ શામજીભાઇ મેસવાણીયા, ભરતભાઇ અને ધર્મેન્દ્રભાઇ, ખંભાળીયાના (મુળ સોનારડી), પરમાનંદભાઇ જેરામભાઇ, ભરતભાઇ પરમાનંદભાઇ, મનોજભાઇ પરમાનંદભાઇ, પરેશભાઇ પરમાનંદભાઇ તથા સંચાણીયા પરિવાર, ખંભાળીયાના અજયભાઇ



નંદલાલભાઇ વઘાડીયા, ભારતીબેન અજયભાઇ, ચેતનભાઇ નંદલાલભાઇ, મીતલબેન ચેતનભાઇ, ધવલભાઇ અજયભાઇ, રીદ્ધિબેન ધવલભાઇ, વિર ચેતનભાઇ તથા વઘાડીયા પરિવાર તેમજ પૂર્વ પ્રમુખ હરૂભાઇ ગોવિંદભાઇ વઘાડીયા, પ્રાણભાઇ ગોવિંદભાઇ વઘાડીયા, પ્રાણભાઇ ગોવિંદભાઇ વઘાડીયા, ચંદુભાઇ ગોવિંદભાઇ વઘાડીયાએ લહાવો લીધો હતો.

સમગ્ર મહોત્સવ દરમ્યાન ફૂલહાર, પ્રસાદના દાતા તરીકે શાંતિભાઇ ડી. સુરેલીયા, મુકેશભાઇ ડી. સુરેલીયા



# પ્રમુખ મુકેશભાઈ અને તેની ટીમનું સુંદર આયોજન






અને દિનેશભાઈ ડી. સુરેલીયાએ લાભ લીધો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જેન્તીભાઈ સુરેલીયાએ સુંદર રીતે કર્યું હતું. મીડિયા અને લાઈવ પ્રસારણની સેવા કપીલભાઈ બોરાણીયાએ આપેલ.

**(અહેવાલ : મુકેશભાઈ ડી. સુરેલીયા)**

## રકતદાન કેમ્પમાં ૫૧ બોટલનું રકતદાન

જામખંભાળીયા શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ દ્વારા યોજાયેલ શ્રી વિશ્વકર્મા મહાપુરાણ જ્ઞાનયજ્ઞ દરમ્યાન રકતદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ડીયન રેડકોર્સ સોસાયટીના સહયોગથી યોજાયેલ આ રકતદાનરૂપી યજ્ઞમાં લોકો ઉત્સાહથી જોડાયા હતા. અને ૫૧ જેટલી બોટલનું રકતદાન થયું હતું. રકતદાન કરવા બદલ પ્રમુખ મુકેશભાઈ સુરેલીયા અને તેની ટીમે આભારની લાગણી પ્રદર્શીત કરી હતી અને રકતદાન દ્વારા અનેરી સેવા કરવા બદલ અભિનંદન આપ્યા હતા.

## જ્ઞાનયજ્ઞમાં દાદાના ગુણગાન સાંભળવા સમગ્ર સમાજ ઉમટયો






# ગુર્જર સુતાર સમાજ સર્જકતાનો વાહક છે : જગુભાઇ ભારદીયા





## પોરબંદર વિશ્વકર્મા ગુર્જર સુથાર સમાજ દ્વારા યોજાયો સરસ્વતી સન્માન સમારોહ

શ્રી વિશ્વકર્મા ગુર્જર સુથાર સમાજ પોરબંદર દ્વારા પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ તા. ૨૧/૬/૨૬ના રોજ સરસ્વતી સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખાસ મહેમાનો તરીકે ઇન્ટરનેશનલ મોટીવેશનલ સ્પીકર શ્રી રૂષીકા જે. હાથી, મહારાણા નટવરસિંહજી આર્ટ ગેલેરીના ઇન્ચાર્જ અને એમ.ઇ. સ્કુલ પોરબંદરના પૂર્વ પ્રિન્સીપાલ શ્રી બલરાજ પાડલીયા તથા ભાવસિંહજી હાઇસ્કુલના કલા શિક્ષક શ્રી શૈલેષ પરમાર ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત કન્યા છાત્રાલય રાજકોટના ચેરમેન શ્રી જગુભાઇ ભારદીયા તેમજ વિવિધ શહેરના હોદ્દેદારો-આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં સ્ટેજ પર પોરબંદરના પ્રમુખ મુકેશભાઇ બકરાણીયા, સમાજ અગ્રણી રમણીકભાઇ ગજજર, જામખંભાળીયાના પ્રમુખ મુકેશભાઇ સુરેલીયા, ધોરાજીના પ્રમુખ ભુપતભાઇ સંચાણીયા, રાજકોટના ઉદ્યોગપતિ જયસુખભાઇ ઉછડીયા, કન્યા છાત્રાલયના ટસ્ટ્રી મગનભાઇ બોરાણીયા, રાજકોટના કેળવણી મંડળના પૂર્વમંત્રી નટુભાઇ ભારદીયા, જુનાગઢના પ્રમુખ રાજુભાઇ કરગથરા, માણાવદરના પ્રમુખ નટવરલાલ છનીયારા, ખંભાળીયા મહિલા મંડળના સરોજબેન વઘાડીયા, જુનાગઢના ખમાબેન વડગામા, શ્રી પ્રભુદાસભાઇ કરગથરા, પૂર્વ ટ્રસ્ટી કિરીટભાઇ પંચાસરા, ખંભાળીયાના













# બાળકને શિક્ષણ સાથે સંસ્કાર આપવા જરૂરી : શ્રી બલરામભાઇ માંડલીયા

અજયભાઇ વઘાડીયા, ટ્રસ્ટીઓ સુનીલભાઇ પંચાસરા, જયેશભાઇ કરગથરા, જયદીપભાઇ કરગથરા ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમનો પ્રારંભ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટયથી કરવામાં આવ્યો હતો. બાદમાં પોરબંદરના પ્રમુખ મુકેશભાઇ બકરાણીયાએ દરેક મહેમાનોનં શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ પ્રસંગે ૩૦ જેટલા વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર (પાઠયપુસ્તક માટે) પાણીની બોટલ આપી પ્રમુખ મુકેશભાઇ બકરાણીયા, શ્રી જગુભાઇ ભારદીયા સહિતના મહેમાનોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી બલરાજભાઇ પાડલીયાએ પ્રાસંગીક ઉદ્બોધનમાં બાળકોને શિક્ષણ સાથે સંસ્કાર આપવાની સાથોસાથ સખત મહેનત કરી અભ્યાસમાં આગળ વધારવાની શીખ આપી હતી.

શ્રી ૠષીકાબેન હાથીએ વાર્તા દ્વારા બાળકોને બોધ આપી મળેલી તક ઝડપી લેવાનો અનુરોધ કર્યો હતો.

શ્રી શૈલેષભાઇ પરમારે પણ બાળકોને જેમાં રસ અને ૠચિ હોય તેમાં આગળ વધે તેવું મા-બાપે ખાસ ધ્યાન રાખવું જોઇએ. આ પ્રસંગે રાજકોટ કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયાએ પ્રાસંગીક ઉદ્બોધનમાં કહયું કે, કર્મ એ જ ધર્મ અને શ્રમ ને સંસ્કૃતિ માનનારો ગૂર્જર સુથાર સમાજ સમગ્ર રાજ્ય અને ભારતમાં સર્જકર્તાનો વાહક છે.

પોરબંદર તો અમારું ઘર, વતન છે અને અમારા પરિવાર ની કર્મભૂમી છે. અમારૂં ઘડતર અહીં જ થયું છે આ યાદગાર ક્ષણે હું આપણા સમાજના પાયાના સુત્ર ધારો શ્રી જીવન કાકા(ગજ્જર), શ્રી સતીશભાઈ ગજ્જર, પ્રાગજીભાઈ છત્રાલીયા, હિંમતભાઇ પંચાસરા, લક્ષ્મણભાઈ છત્રાલીયા તથા વિનુભાઈ બકરાણીયા, નાનજીભાઈ ભારદીયા આ સર્વે વડીલોનું સ્મરણ કરીને તેમની વંદના કરૂ છું અને તેમના નેતુત્વથી આ આપણા સમાજની જગ્યામાં

# વિદ્યાર્થીઓ રોકડ પુરસ્કાર - અને સ્મૃતિભેટથી સન્માનીત














# તકને ઝડપી લેતા શીખે તે જીવનમાં સફળ બને : શ્રી ઋષીકાબેન હાથી

આપણે ભેગા થયા છીએ મિત્રો સૌ પ્રથમ મારા વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાને વાત કહેવી છે વિદ્યાર્થી ભલે તમે પોરબંદરમાં ભણ્યા હોઈ પણ કાલે તમે ડોક્ટર એન્જીનીયર વકીલ વગેરે હોદો કે લાયકાતમાં આગળ વધો ત્યારે પોરબંદરના આપના સમાજ અથવા જ્યાં હોવ તે ગામમાં તમારૂં આર્થિક, દાન, સમય, શક્તિ શ્રમ જરૂરથી આપજો.



વિદ્યાર્થીઓને જે ઇનામ મળ્યા છે તેના માટે હું ખુબ ખુબ અભીનંદન આપું છું તથા આજના કાર્યક્રમમાં સફળ સંચાલન કરવા માટે જ્ઞાતિના પ્રમુખશ્રી તથા કારોબારી સભ્યોને મારા અભિનંદન, આજે જે આ યુગ છે એ શિક્ષણ યુગ છે અને શિક્ષણનું મહત્વ દિન બ દિન વધતું જાય છે અને એટલા માટે આપણી સંસ્થાએ અથાક પ્રયત્ન કર્યા છે. આજે જે વિદ્યાર્થી ઓને ઇનામ મળ્યા તે વિદ્યાર્થી ઓ માટે તો ગૌરવની વાત છે અને આજે વિદ્યાર્થીઓનું સન્માન થયું છે તેની સાથે સાથે શિક્ષણનું પણ સન્માન થયું છે. એટલે શિક્ષણ અપણા સમાજમાં પહેલેથી જ વણાયેલું છે આજના વિદ્યાર્થીઓ કોલેજોમાંથી શિક્ષણ મેળવે છે. પરંતુ બાળક જન્મે છે ત્યાંથી લઇને મૃત્યુ સુધી માનવી શિક્ષણ મેળવે છે આજે આપણે દરરોજ ૨૪ કલાક શિક્ષણ મેળવી રહયા છીએ એટલે આપણે જે વસ્તુ નથી જાણતા તે જાણવા મળે તેનું નામ જ શિક્ષણ, ખરેખર બે પ્રકારના શિક્ષણ હોય છે. એક શિક્ષણ આપણે કોલેજમાંથી કે સ્કુલમાંથી મેળવીએ છીએ અને બીજું શિક્ષણ આપણે આપણા જીવનના અનુભવોમાંથી મેળવીએ છીએ, જે શિક્ષણ સ્કુલ કે કોલેજમાંથી આપણે જે શિક્ષણ મેળવીએ છીયે તે સારી ડીગ્રી અપાવે છે સારી નોકરી અપાવે છે અને સુખ સમૃધિ અપાવે છે જે શિક્ષણ આપણે જીવનમાંથી મેળવીએ છીએ તે આપણા ચારિત્રનો વિકાસ કરે છે. આપણા વ્યક્તિત્વનો વિકાસ કરે છે, અને આપણા સદગુણો નો વિકાસ કરે છે, અને તેના કારણે આપણે સારા વ્યક્તિ બનીએ છીએ. એટલે આ બે પ્રકારના શિક્ષણ જે મેળવે છે તે સમાજમાં આગવી ઓળખ ઉભી કરે છે, અને એટલે જ ગાંધી શિક્ષિત પણ હતા અને સારા વ્યક્તિ પણ હતા માટે જ આપણે તેમને મૃત્યુ પછી પણ યાદ કરીએ છીએ, અને અમેરિકાના એક ગાંધી વાદી નેતા એ














# બાળકોને રસ અને રૂચી હોય તેમાં પ્રોત્સાહન આપો : શ્રી શૈલેષ પરમાર

કહયું હતું કે વ્યકિતનો સર્વાંગી વિકાસ કરવો એ જ સાચું શિક્ષણ છે. અને સર્વાંગી વિકાસ કાર્ય પછી તે સારી વ્યકિત બને છે અને છેલ્લે જે વિદ્યાર્થી ઓ એ જ્ઞાન મેળવ્યુ છે તે આગળ વધુ શિક્ષણ મેળવે અને પોતાના કુટુંબનું તથા સમાજનું નામ રોશન કરે એવી આશા રાખું છું.





મિત્રો શિક્ષણ, વ્યવસાય અને સમાજમાં સમાનતાની જરૂર છે, પ્રમાણિકતાની જરૂર છે, શિસ્તની જરૂર છે, આ ત્રણ ક્ષેત્રોમાં સકારત્મક અને પ્રમાણીકત શિસ્ત ભરી સમાનતા આવશે ત્યારેજ આપણે સાચા અર્થમાં ભારતને ગૌરવવંતા બનાવી શકીશું.

સંતાનો છીએ. સૌ સમાન છીએ. કોઈ નાનું કે મોટું નથી. હું એમ માનું છુ કે સારૂ કામ કરવા માટે ધન કર્તા પણ સરળ હૃદય અને સંકલ્પની જરૂર છે. કોઈ પણ જ્ઞાતિનો વિકાસ મારી દ્રષ્ટીએ સંપૂર્ણ નાણાકીય સધ્ધરતા ઉપર આધારિત છે. પારદર્શક વહીવટ આપવાને કારણે દાતાઓ આખો બંધ કરીને દાન આપે છે. હું જોઉં છુ કે ગુર્જર સુતાર જ્ઞાતિ પોરબંદરનો ચિતાર મારી પાસે આવ્યો છે જે પારદર્શક છે. આજના પ્રસગે ફરીવાર ટ્રસ્ટી મંડળ અને કારોબારી ટીમને તથા આપણા પુરા વિશ્વકર્મા સમાજને પ્રભુ વિશ્વકર્માજી સેવા કરવા માટે વધુ ને વધુ શક્તિ આપે તેવી પ્રાથના કરૂ છું. અને આવા સુંદર અયોજન બદલ હું કમિટીને અભિનંદન આપું છું.

કાર્યક્રમ દરમ્યાન હેત્વી નીતિનભાઇ દુધૈયા, હીર સંદીપભાઇ છત્રાલીયા અને પ્રગતિ હિતેષભાઇ સંચાણીયાએ નૃત્ય ડાન્સ રમઝટ બોલાવી હતી.

કાર્યક્રમનું સંચાલન નીતિશ બકરાણીયા અને મીનાબેન બકરાણીયાએ કર્યું હતું. કાર્યક્રમ બાદ સૌએ ભોજન પ્રસાદ લીધો હતો.

પ્રમુખ મુકેશભાઇ બકરાણીયા, ઉપપ્રમુખ અનિલભાઇ દુધૈયા અને સમગ્ર ટીમે આયોજન સફળ બનાવ્યું હતું.





# દ્રૌપદી (પાત્ર લેખન)

- જીનલ વિસરોલીયા

હું દ્રૌપદી છું. યજ્ઞમાંથી ઉત્પન્ન થનારી હું યાજ્ઞસૈની છું દ્રુપદની પુત્રી દ્રૌપદી છું કૃષ્ણની સખા કૃષ્ણા છું અને પાંચાલની રાજકુમારી પાંચાલી છું.

મારા પિતાશ્રી એ મહાયજ્ઞ કરાવ્યો. એમાં આશિર્વાદ સ્વરૂપે એવો પુત્ર માગ્યો જે ગુરુ દ્રોણને પરાજય કરી શકે. ત્યારે મારા ભાઈ દૃષ્ટધુમ્ન આશિર્વાદ સ્વરૂપે પ્રાપ્ત થયો. આ પછી પણ અગ્નિ શાંત ન થતા ઋષિમુનિઓ એ જણાવ્યું કે હવે એક એવી કન્યા આશિર્વાદ સ્વરૂપે પ્રાપ્ત થશે જે આર્યવ્રતનું ભાગ્ય બદલશે. આ સાંભળી મારા પિતાશ્રી બોલ્યા,''સ્ત્રી ક્યારેય ભાગ્ય નથી હોતી, જો દેવતા મારા દ્વારા કલ્યાણ કરાવવા માગતા હોય,તો હું મારી પુત્રી માટે કષ્ટ અને પીડા માગું છું, જે પવિત્ર અને શ્વેત ચરિત્રની હોય પરંતુ તેને સંસાર ની બધી અપવિત્રતા પ્રાપ્ત થાય, તો પણ સંસાર તેને પવિત્ર જ માને.શું આવી પુત્રી દેવતા મને આપી શકે? ''આટલું કહેતા જ અગ્નિ માંથી મારો જન્મ થયો.

જે સમયે માતા કુંતી અને પાંચ પાંડવ બ્રાહ્મણના વેશે હતા ત્યારે મારો સ્વયંવર થયો. આ સ્વયંવરમાં અર્જુને પિતાશ્રીએ રાખેલી કસોટીમાં વિજય થઈ ને મારી સાથે વિવાહ થયો.

વિવાહ બાદ જ્યારે માતા કુંતી પાસે ગયા ત્યારે તમને થયું રોજ ની જેમ ભોજન ની ભીક્ષા લાવ્યા હશે, અને બોલ્યા દરરોજની જેમ આજે પણ પાંચ ભાઈઓમાં બાટી લ્યો.

માતાના આદેશ પ્રમાણે મારા વિવાહ પાંચ ભાઈઓ સાથે થતાં હું પાંચાલી કહેવાયી.

મેં પાંચ બાળકોને જન્મ આપ્યો. યુધિષ્ઠિર થી પ્રતિવિંધ્ય, ભીમથી સુતશોમ, અર્જુનથી શ્રુતકર્મ, નકુલથી શતાનિક, સહદેવથી શ્રુતસેન પ્રાપ્ત થયા.

મારા જીવનની સૌથી મોટી પીડા ત્યારે આવી જ્યારે પાંચે ભાઈઓ મને પણ ધૃત સભામાં હારી બેઠા. મારા વસ્ત્ર હરણ માટે દુઃશાસનને આદેશ આપવામાં આવ્યો. પાંચ પતિ હોવા છતાં કોઈ પણ મારી લાજ બચાવી ન શક્યા. અંતે મારી લાજ મારા સખા ગોવિંદ કૃષ્ણ માધવે બચાવી. અને કુરુવંશના વિનાશનું બીજ રોપાયું.



ત્યાર પછી ૧૨ વર્ષના વનવાસ અને ૧ વર્ષના અજ્ઞાતવાસ વિતાવ્યો. અને પછી મહાભારતના યુદ્ધની તૈયારી થવા માંડી.

અર્જુન-સુભદ્રા પુત્ર અભિમન્યુના લગ્ન વિરાટ રાજ્યની રાજકુમારી ઉત્તરા સાથે થયા.

આ યુદ્ધ ૧૮ દિવસ ચાલ્યું. આ યુદ્ધમાં પાંડવ અને કૃષ્ણ સિવાય બધા મહારથીઓનું મૃત્યુ થયું અંતે મારા પુત્રોને રાત્રીની નિંદ્રામાં અશ્વત્થામાએ મારી નાખ્યા. સંપૂર્ણ કુરૂવંશનો નાશ થયો.

મહાભારત યુદ્ધની સમાપ્તિ પછી, યુધિષ્ઠિર હસ્તિનાપુરના સમ્રાટ અને હું સામ્રાજ્ઞી બની. ઘણા વર્ષો સુધી હસ્તિનાપુરમાં સુપ્રશાશન કર્યું.

અંત સમયે રાજ્ય અભિમન્યુ ઉત્તરાનો પુત્ર પરિક્ષિતને સોંપી હિમાલયની યાત્રા તરફ પ્રસ્થાન કર્યું. આ યાત્રામાં સૌપ્રથમ મારું જ મૃત્યુ થયું.

આમ, પિતાશ્રી એ જન્મ સમયે જે માગ્યું તે સત્ય થયું. સમાજની દરેક અપવિત્રતા પ્રાપ્ત થઈ, પાંચ પુરુષોની પત્ની, ભરી સભામાં મારા વસ્ત્રહરણનો પ્રયાસ, મહાભારત યુદ્ધનું કારણ, મારી સામે કૂળનો વિનાશ, મારા પુત્રોનું મૃત્યુ જોયું.

પરંતુ, ભારતીય ઇતિહાસમાં મને નારીની ધીરજ, પવિત્રતા અને અજેય શક્તિનું પ્રતીક માનવામાં આવે છે.

# જો દરેક માગાં (સંબંધ) નકારતા જ રહેશો, તો પછી લગ્ન ક્યારે કરશો?



**- પંચાલ એચ.એચ. (સીતાપુરા)**

ઓછું ભણેલો છે? - નથી જોઈતો!
પગાર ઓછો છે? - નથી જોઈતો!
ગામડામાં રહે છે? - નથી જોઈતો!
પોતાનું ઘર નથી? - નથી જોઈતો!
સાસુ-સસરા સાથે રહે છે? - નથી જોઈતો!
ખેતી નથી? - નથી જોઈતો!
ખેતી કરે છે? - નથી જોઈતો!
ધંધો (વેપાર) કરે છે? - નથી જોઈતો!
દૂર શહેરમાં રહે છે? - નથી જોઈતો!
રંગે શામળો (ઘઉંવર્ણો) છે? - નથી જોઈતો!
વાળ ખરી ગયા છે (ટાલ છે)? - નથી જોઈતો!
કદ (હાઈટ) ઓછી છે? - નથી જોઈતો!
બહુ ઊંચો છે? - નથી જોઈતો!
ચશ્મા છે? - નથી જોઈતો!
ઉંમરમાં તફાવત છે? - નથી જોઈતો!
વિસ્તાર (એરિયા) પસંદ નથી? - નથી જોઈતો!
એક જ નાડી છે? - નથી જોઈતો!
મંગળ દોષ છે? - નથી જોઈતો!
નક્ષત્ર દોષ છે? - નથી જોઈતો
મૈત્રી દોષ છે? - નથી જોઈતો!

જો દરેક વાતમાં ના જ કહેવી હોય, તો પછી લગ્ન ક્યારે થશે? સંસાર કોની સાથે વસાવશો? માતા-પિતા ક્યારે બનશો? સાસુ-સસરા કે દાદા-દાદી ક્યારે બનશો?

આટલી બધી બાબતો પર છોકરાને નકારતી વખતે શું માતા-પિતા એ જણાવી શકે છે કે તેમની દીકરીમાં કયા ખાસ ગુણો છે?

આજે ઘણી છોકરીઓને ગૃહસ્થ જીવનની જવાબદારીઓની સમજ નથી હોતી નથી તેમને સમજૂતી (Compromise) કરતા આવડતું, કે નથી પરિવારને સાચવતા આવડતું. અને જો દીકરી ભણેલી-ગણેલી અને આત્મનિર્ભર હોય, તો તેને તેનાથી વધુ ભણેલો, ઊંચા પગારવાળો અને પ્રોપર્ટીવાળો વર જોઈએ- નહીંતર દરેક સંબંધ ઠુકરાવી દેવામાં આવે છે. અને ઉંમર વધતી જાય છ.

આ બધામાં સૌથી વધુ નુકસાન એવા સારા સ્વભાવના અને સંસ્કારી છોકરાઓનું થઈ રહ્યું છે, જેમની આવક ઓછી છે.

શું લગ્ન પહેલા જ છોકરા પાસે બધું જ હોવું જરૂરી છે?

ઘણા છોકરાઓ દિલથી જીવનસાથી ઇચ્છે છે, પણ છોકરીઓ અને તેમના પરિવારની ''પરફેક્ટ સંબંધ'' વાળી વ્યાખ્યામાં તેઓ ફિટ નથી બેસતા.

શું એ જરૂરી નથી કે આપણે છોકરાની કમાણી નહીં, પણ તેના હુનર અને મહેનત પર ભરોસો કરીએ?

છોકરાઓને પણ પોતાના સપના પૂરા કરવા અને આગળ વધવા માટે આત્મબળ અને સાથની જરૂર હોય છે - તે કોણ આપશે?

આજકાલ લગ્ન, છોકરી અને છોકરા કરતા તેમના માતા-પિતા અને સગા-સંબંધીઓ માટે સ્ટેટસ સિમ્બોલ'' બની ગયા છે.

''મારો જમાઈ ડોક્ટર છે, એન્જિનિયર છે, લાખોનું પેકેજ છે..'' - બસ આ જ દેખાડાની હરીફાઈ જામી છે.

પરંતુ જો બધા જ આવી અપેક્ષાઓ રાખશે, તો બાકીના સાધારણ પણ સારા છોકરાઓનું શું થશે? તેમના લગ્ન કેવી રીતે થશે?

જે દિવસથી લગ્નમાં માણસ કરતા વધુ ડિગ્રી, પૈસા અને પ્રોપર્ટીને મહત્વ મળવા લાગ્યું, તે દિવસથી જ સંબંધોમાં કલેશ, છૂટાછેડા અને અસંતોષ પણ વધવા લાગ્યા છે.


લગ્નમાં ભૌતિક સુખ કરતા વધુ જરુર હોય છે માનસિક સહારાની, સમજદારીની અને એકબીજાને સ્વીકારવાની.

માતા-પિતા પોતાના બાળકોની ખુશી ચોક્કસ ઈચ્છે. પણ તેમની વધતી જતી ઉંમર અને વીતતા સમયનું પણ ધ્યાન રાખે.

ક્યાંક તો અટકવું પડશે, ક્યાંક તો સમજૂતી કરવી પડશે, કારણ કે અપેક્ષાઓ ક્યારેય પૂરી નથી થતી - તે ફક્ત વધતી જ જાય છે.

આ જ જીવનનું કડવું સત્ય છે.

# આણંદના વિવેક મિસ્ત્રીએ કેનેડામાં આર્કીટેકટમાં માસ્ટર કર્યું





**તસવીરમાં જમણીબાજુથી વિવેક મહેશભાઇ આહલપરા, અર્ચનાબેન (ફઇબા), ક્રિષ્નાબેન મહેશભાઇ આહલપરા, મહેશભાઇ, અર્પિતભાઇ નજરે પડે છે.**

આણંદ વલ્લભવિદ્યાનગરના મહેશભાઇ મિસ્ત્રી (આહલપરા)ના પુત્ર વિવેકે કેનેડામાં ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરી આર્કીટેકચરમાં માસ્ટર ડિગ્રી ૯૭.૨૫ આર્કીટેકચરમાં માસ્ટર ડિગ્રી ૯૭.૨૫ ડીસ્ટીકશન સાથે પ્રાપ્ત કરી છે.

મુળ ભાવનગરના પણ વર્ષોથી આણંદ વલ્લભવિદ્યાનગરમાં સ્થાયી થયેલા મહેશભાઇ મિસ્ત્રી ડીપ્લોમાં ઇન્ટીરીયર થયેલા છે અને પોતાનો ફર્નીચરનો શોરૂમ અને જીઆઇડીસી ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ફર્નીચરનું ઉત્પાદન કરે છે. તેણે પોતાના બંને પુત્રોને ઉચ્ચ શિક્ષિત બનાવ્યા છે. મોટો પુત્ર અર્પીતે ઇન્ટીરીયર કરેલ છે અને આર્કીટેકટ સાથે પ્રેકટીસ કરવાની સાથે પિતાના વ્યવસાય સાથે પણ જોડાયેલ છે.

નાના પુત્ર વિવેકે સરદાર વલ્લભભાઇ પટેલ યુનિવર્સિટીમાં આર્કીટેકટ કર્યુ અને પછી કેનેડામાં ઉચ્ચ અભ્યાસ કરી માસ્ટર્સની ડિગ્રી મેળવી છે.

મહેશભાઇ મિસ્ત્રી સમાજ સેવા સાથે સંકળાયેલા છે અને જીઆઇડીસી ઇન્ડ. એસોશીએશનમાં કારોબારી સભ્ય તરીકે પણ ફરજ બજાવે છે.

# તીર્થ પંચાલે કેનેડામાં એન્જિ.માં માસ્ટર ડિગ્રી મેળવી




મૂળ અમદાવાદના રહેવાસી વિશ્વકર્મા વંશજ શ્રી સુરેશચંદ્ર વિઠ્ઠલદાસ પંચાલ (નિવૃત ONGC અધિકારી) અને ઘરકામ કરતી માતા ઉષ્માબેનના જીવનમાં ૨૦01 ની સાલમાં જ્યેષ્ઠ પુત્ર સ્વ.નિમેષને ધરતીકંપમાં ઘોડાસરની શાળામાં દટાઈને દેવલોક પામેલ પુત્ર માટે વસવસો રહી ગયેલ પરંતુ ઈશ્વરે તેમની સામે જોયું અને તે જ વર્ષમાં ચિ.તીર્થ નો જન્મ થયો. ચિ. તીર્થ (ઉંમર વર્ષ ૨૫)નાનપણથી ભણવામાં હોંશિયાર હતો. માતા પિતાએ પોતાના સંતાનને ઉચ્ચ શિક્ષણ આપવુ તેવી મનમાં ઠાન લીધી હતી.તીર્થએ ધો ૧૨ બોર્ડની વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા A ગૃપ સાથે પાસ કરી ચાંગાની ચારૂસેટ યુનિવર્સિટીમાંથી સિવિલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી માસ્ટર ડિગ્રી કરવા કેનેડાની કાલગરી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. પોતાના જીવનના લક્ષ્યને હાંસલ કરવા ખૂબ જ ખંતથી મહેનત કરી તાજેતરમાં તેઓએ સિવિલ એન્જિનિયરિંગની માસ્ટર ડિગ્રી મેળવી હાલ કોર્પોરેટ કંપનીમાં જોબ કરી રહ્યા છે. તીર્થની બહેન પણ ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં ગોલ્ડ મેડાલિસ્ટ છે અને હાલમાં લંડનમાં પોતાના પરિવાર સાથે જીવન વ્યતિત કરી રહી છે. તીર્થની આ સિધ્ધિ બદલ વિશ્વકર્મા સમાજમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે અને સમસ્ત વિશ્વકર્મા સમાજ તીર્થ અને તેના માતા -પિતાને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. આપ પણ તીર્થને અભિનંદન પાઠવવા તેમના પિતાના મો.નંબર ૯૪૨૮૩૩૦૧૬૩ પર સંપર્ક કરી શકો છો (માહિતી : અશોક આર.પીઠવા વિશ્વકર્મા , વલ્લભ વિદ્યાનગર, મો. નંબર ૯૮૨૫૦૨૨૧૫૫)

**સુધારો :** **ગત મહિનાના શિક્ષણ વિશેષાંકમાં પ્રસિદ્ધ થયેલ સમાચારમાં નવ્યા બોરાણીયાને ૯૯.૧૦ નહીં પણ ૯૯.૯૦ પીઆર મેળવ્યા છે તેમ વાંચવું.**

## જામનગરની ક્રિષ્ના વડગામા સાયન્સમાં કેરીયર બનાવશે



જામનગર વાલકેશ્વરમાં રહેતા અને અમર સો મીલવાળા જીજ્ઞેશભાઇ મણીભાઇ વડગામાની પુત્રી ક્રિષ્નાએ એસએસસીમાં ૯૫.૨૬ પીઆર મેળવવાની અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેણે ૧૧માં પ્રાઇમ સ્કુલમાં એડમીશન લઇ સાયન્સમાં આગળનો અભ્યાસ શરૂ કર્યો છે. જીજ્ઞેશભાઇ અને માતા પુજાબેન દિકરી સાયન્સમાં આગળ વધ તે માટે પ્રોત્સાહન આપી રહયા છે. ક્રિષ્નાને પેઇન્ટીંગ અને સ્કેચ બનાવવામાં ખુબ જ રસ અને રૂચી છે.

## રાજકોટની માહી કથ્રેચાને SSCમાં ૯૫.૪૨ PR મળ્યા



રાજકોટના પુનિતનગરમાં રહેતા અને મોડયુલર ફર્નીચરના કારખાનામાં કામ કરતા રૂપેશભાઇ અને કવિતાબેન કથ્રેચાની પુત્રી માહીએ પાલવ સ્કુલમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૫.૪૨ પીઆર મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. માહીની ઇચ્છા બી.કોમ. કરીને એમ.કોમ. કરવાની છે. માહીએ ધો. ૧૧માં પાલવ સ્કુલમાં જ પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ શરૂ કર્યો છે.

## શ્રેય સંજય નગેવાડિયા ચાર્ટર્ડ એકાઉન્ટનટ બનશે




રાજકોટના બાપા સીતારામ ચોક મવડી-વિસ્તારમાં રહેતા અને આનંદ બંગલા ચોકમાં અક્ષરમ ફોટોના નામથી વ્યવસાય કરતા સંજયભાઇ અને ચેતનાબેનના પુત્ર શ્રેયએ મોદી સ્કુલમાં અભ્યાસ કરી એચએસસીમાં ૯૮.૮૦ પીઆર મેળવ્યા છે. શ્રેય સીએ થવા માંગે છે. આ માટેનો અભ્યાસ પણ તેમણે શરૂ કરી દીધો છે. શ્રેય નગેવાડીયા ચાર્ટર્ડ એકાઉટન્ટ બને તેવી શુભેચ્છા.

## ગોંડલનો ભાવિન ઉછડીયા અમદાવાદમાં એમ.ટેક કરશે



ગોંડલમાં રહેતા મનોજભાઇ અને ઉષાબેન ઉછડીયાના પુત્ર ભાવીન ઉછડીયાએ ગોંડલ સ્વામીનારાયણ ગુરૂકુળમાં અભ્યાસ કરીને એચએસસીમાં ૯૩.૧૬ પીઆર મેળવવાની ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરી છે. ભાવીન એમ.ટેક કરવા માંગે છે અને તેમણે અમદાવાદની એલ.ડી. એન્જિ. કોલેજમાં અભ્યાસ શરૂ કરી દીધો છે. મનોજભાઇ ગોંડલમાં સુથારી કામ કરે છે.

## જામનગરના ઓમ અંબાસણાને SSC(CBSE)માં ૯૧ ટકા : એન્જિ. બનશે



જામનગરમાં ન્યુ પટેલ પાર્કમાં રહેતા નાયરા એનર્જી લીમીટેડમાં ફાઇનાન્સીયલ ડીપાર્ટમેન્માં એકાઉટન્ટની ફરજ બજાવતા શ્યામભાઇ અને કિર્તીબેન અંબાસણાના પુત્ર ઓમ એ નંદ વિદ્યા નિકેતનમાં સીબીએસઇ બોર્ડમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૧ ટકા મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. ઓમની ઇચ્છા એન્જિનિયર બનવાની છે. આ માટે એ ગ્રુપ સાથે તે જ સ્કુલમાં એટલે કે નંદ વિદ્યા નિકેતનમાં પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ શરૂ કર્યો છે. ઓમને ફુટબોલ અને ક્રિકેટ રમવાનો છે.



પૂર્વા અંકુરભાઇ નગેવાડીયા
(વડોદરા)
ધો. ૪ - A+ ગ્રેડ



જીયા જીજ્ઞેશભાઇ વડગામા
(જામનગર)
ધો. ૪ - ૯૫.૨૮ %

# શ્રી સૌ. ગુ. સુતાર પરિવારના પ્રમુખ તરીકે પુનઃ રમેશભાઇ તલસાણિયા





અમદાવાદમાં આવેલ શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર પરિવાર-વેજલપુરની શ્રી શાંતિભાઇ ખોડદીયાના અધ્યક્ષસ્થાને મળેલી સામાન્ય સભામાં શ્રી રમેશભાઇ તલસાણિયા (મારૂતિ)ની પ્રમુખ તરીકે સર્વાનુમતિથી પુનઃવરણી કરવામાં આવી હતી. શ્રી રમેશભાઇ તલસાણિયા પુનઃ પ્રમુખ તરીકેની જાહેરાતને ઉપસ્થિત સૌએ તાલીઓના ગડગડાટથી વધાવી અભિનંદનનો વરસાદ વરસાવ્યો હતો.




આ પ્રસંગે ઉપસ્થિત અન્ય મુખ્ય સંસ્થાના પ્રમુખો શ્રી ધર્મેન્દ્રભાઇ દેવળીયા (ગીતામંદિર), શાંતિભાઇ ખોડદીયા (વાડજ) અને હસમુખભાઇ શંખલપરા (ગોરનો કુવો મણીનગર)એ શ્રી રમેશભાઇ તલસાણિયાનું ફુલહારથી સન્માન કરી અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત નવીનભાઇ તલસાણિયા તથા અન્ય મહાનુભાવોએ પણ શ્રી રમેશભાઇ તલસાણીયાને હેતભર્યા અભિનંદન આપ્યા હતા.

સંસ્થાના ટ્રસ્ટીઓ તરીકે ધર્મેન્દ્રભાઇ જી. ખંભાયતા, હસમુખભાઇ નરોતમભાઇ પનારા, સુર્યકાંતભાઇ ખીમજીભાઇ વડગામા, હીરાભાઇ સુખરામભાઇ સોલગામા, શંકરભાઇ સુખરામભાઇ સોલગામા, રમેશભાઇ અંબારામભાઇ તલસાણિયા, રાજુભાઇ ભગવાનજીભાઇ તલસાણિયા, મહેન્દ્રભાઇ જગજીવનભાઇ તલસાણીયા, દિનેશભાઇ પોપટભાઇ દુદકીયા, જગદીશભાઇ ભીખાભાઇ વિસાવડીયા અને પરેશભાઇ જયંતિભાઇ પંચાસરા કાર્યરત છે. જયારે કો ઓપ્ટ સભ્યો તરીકે કાંતિભાઇ ગોરધનભાઇ અખીયાણીયા, ચંદુભાઇ દયાળજીભાઇ બદ્રકીયા, ઘનશ્યામભાઇ મનુભાઇ સોલગામા અને મહેશભાઇ રામજીભાઇ દુધૈયાનો સમાવેશ કરાયો છે.

# અમી મેવાડા : કલા, શિક્ષણ અને સર્જનની અનોખી ઓળખ





અમી હેમલકુમાર મેવાડા 'સાલ સ્કુલ ઓફ આર્કિટેક' કોલેજમાંથી આર્કિટેકની ડિગ્રી પ્રાપ્ત કરી છે. નર્સરીથી બારમાં ધોરણ સુધીનો અભ્યાસ ઇમેજ ઇંગ્લીશ સ્કુલમાંથી કર્યો છે. અભ્યાસની સાથે અમીને ચિત્રકળાનો ખુબ શોખ હોવાથી 'સ્માર્ટ ડ્રોઇંગ કલાસ'માં તાલીમ લીધી. અમદાવાદ તેમજ ગુજરાત લેવલમાં પેઇન્ટિંગ કોમ્પીટીશનમાં ભાગ લઇને સન્માનપત્ર તેમજ પ્રમાણપત્રો મેળવેલા છે. એલ.ડી. એન્જિનિરીંગ કોલેજમાં ૨૬મી ફેબ્રુઆરીના રોજ અમદાવાદના જન્મદિવસ નિમિત્તે વોલ પેઇન્ટિંગ દર વર્ષે યોજવામાં આવે છે. જેમાં અમી ૧૪ વર્ષની ઉંમરથી કોમ્પીટીશનમાં ભાગ લઇને પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબરથી વિજેતા બની રહી છે. હાલમાં પણ આ ક્રમ જાળવી રાખ્યો છે. અમદાવાદની ગુફામાં આર્ટ ગેલેરીમાં અમીએ પોતાના ચિત્રોનું પ્રદર્શન ૨૭-૬-૨૩માં કર્યું હતું. જેમાં અમીને સારો પ્રતિસાદ મળેલ છે. અમી હાલમાં વડોદરા સ્થિત એમ.એસ. યુનિવર્સિટીમાં માસ્ટર કરી રહી છે. અમીનું માનવું છે કે જીવનમાં ભણતરની સાથે પોતાના શોખ એટલે કે પોતાને ગમતા કાર્યો વાંચન, લેખન, પ્રવાસ કે ડ્રોઇંગ પણ કરીને આગળ વધી શકાય છે. મનને એકાગ્ર કરવા માટે 'મંડલા આર્ટ' થેરાપીનું કામ કરે છે. અમીએ કેફેમાં 'મંડલા આર્ટ'ના વર્કશોપ પણ કરેલ છે. અમીના પપ્પા બિઝનેસમેન છે. મમ્મી ગૃહિણી છે અને નાનોભાઇ હિત મીકેનીકલ એન્જિનીયરનો અભ્યાસ કરે છે. અમીના દાદા નિવૃત્ત પ્રાધ્યાપક છે અને સામાજીક કાર્યો સાથે પ્રવૃત્ત છે. દાદા-દાદીના આશીર્વાદ અને ભાઇના પ્રેમ તથા મમ્મી-પપ્પાના લાડ-સ્નેહ સામે અમી તેની કારકિર્દીમાં ખૂબ સફળ થાય તેવી શુભેચ્છા...


# માનવ જીવન માટે આશીર્વાદ પદ્ધતિ એટલે યોગ



- કિરણ એચ. બકરાણીયા
(મો. ૯૫૧૨૧૭૨૨૪૩)

જય વિશ્વકર્મા મિત્રો, યોગના અંકને આગળ વધારતા આજે આપણે નવા આસનોનો અભ્યાસ કરીશું આસનમાં એક બેકવર્ડ અને એક ફોરર્વડ આસન કરીશું. આસનો પોતાની ક્ષમતા મુજબ કરવા.

### ઉષ્ટ્રાસન (Camel Pose)



ઉષ્ટ્ર એટલે ઉંટ આ આસન કરતી વખતે શારીરિક મુદ્રા ઉંટ જેવી હોવાથી તેની ઉષ્ટ્રાસન કહે છે.

આ કરોડરજ્જુને લચીલી બનાવતું અદ્‌ભુત આસન છે.

**રીત :**

- સૌપ્રથમ વજ્રસનની સ્થિતિમાંથી ઘુંટણના બળે સીધા ઉભા થાવ.
- બંને ઘુંટણ અને પંજા વચ્ચે ખંભા જેટલું અંતર જાળવો.
- ઊંડો શ્વાસ લઇને પાછળની તરફ જુકો અને જમણા હાથથી જમણી એડી અને ડાબા હાથથી ડાબી એડી પકડો.
- ગરદન સંપૂર્ણપણે પાછળ ઢીલી મુકો અને નજર આકાશ તરફ સ્થિર કરો.
- સામાન્ય શ્વાસ સાથે ૨૦-૩૦ સેકન્ડ સ્થિર રહો. ત્યારબાદ ધીમેથી મૂળ સ્થિતિમાં આવો.

**લાભ :**

- કરોડરજજૂ અત્યંત મજબુત અને લચીલી બંને છે જેથી કમરના સ્નાયુઓનો તણાવ દુર થાય છે.
- પેટના અંદરના અવયવો સારી રીતે ખેચાા હોવાથી કબજીયાત, ગેસ, અપચામાં રાહત મળે છે.
- છાતીનો ભાગ પુરો ખુલવાથી ઓકિસજનનું વહન વધે છે.
- લાંબા સમય સુધી ઝુકીને બેસવાથી કુટેવ સુધરે છે.
- શરીરમાં બ્લડ સર્ક્યુલેશન સુધારવાથી આખો દિવસ એનર્જી જળવાય રહે છે અને સ્ટ્રેસ ઓછો થાય છે.

**સાવચેતી :**

- કમરની તકલીફ વધારે હોય તો આ આસન ન કરવું. ચક્કર આવતા હોય તેમણે પાછળ ન જુકવું.
- જો એડી સુધી હાથ ન પહોચતા હોય તો કમર પાછળ હાથ ટેકવીને અર્ધ ઉષ્ટ્રાસન કરવું.

### મંડૂકાસન (Frog Pose)



મંડૂક એટલે દેડકો. આ આસનની અંતિમ સ્થિતિમાં શરીર દેડકા જેવો આકાર લે છે. આ આસન આજના સમયમાં બ્લડસુગર નિયંત્રણ માટે રામબાણ ઇલાજ ગણાય છે.

**રીત :**

- સૌપ્રથમ જમીન પર વ્રજાસનની મુદ્રામાં આરામથી બેસી જાઓ.
- બંને હાથના અંગૂઠા અંદર રાખી મુઠ્ઠીવાળો અને નાભીની બંને બાજુએ ગોઠવો.
- હવે લાંબો શ્વાસ બહાર છોડો પેટને અંદર ખેંચો અને ધીમે ધીમે આગળ તરફ નમો.
- ઝૂકતી વખતે છાતીને જાંઘ સાથે અડકાવો, પરંતુ સીધી રાખી નજર સામે તરફ રાખો.
- ૨૦-૩૦ સેકન્ટર શ્વાસ રોકયા બાદ શ્વાસ લેતા-લેતા સામાન્ય સ્થિતિમાં આવો.

**લાભ :**

- આ આસન સ્વાદુપિંડને ઉત્તેજીત કરી ઇન્સ્યુલીનનું કુદરતી સ્તર સુધારે છે.
- પેટ પર યોગ્ય દબાણના કારણે બેલી ફેટ ઝડપથી ઘટે છે.
- આંતરડા મજબુત બને છે. ભૂખ ઉઘડે છે. ગેસ એસિડિટી જડમૂળથી દુર થાય છે.
- છાતી અને પેટના સ્નાયુઓને મસાજ મળતા રકતસ્રાવ વ્યવસ્થિત બને છે.

**સાવચેતી :**

- પીઠ અને સાયટીકાનો દ્રીવ દુખાવો હોવા વાળાએ આસન ન કરવું.
- પેટનું ઓપરેશન થયુ હોય અથવા પેટમાં ચાંદા પડયા હોય તો આ આસન ન કરવું.
- ગર્ભવતી મહિલાઓએ આ આસન ન કરવું.

# કિચન તડકા : ચોમાસુ સ્પેશ્યલ રેસીપી

શુભદા ભટ્ટી

## (૧) દાળવડા

**સામગ્રી :**

- ચણાની દાળ - ૧ કપ
- જીણી સુધારેલી ડુંગળી - ૧/૨ કપ
- જીણી સુધારેલ કોથમીર - ૨ મોટી ચમચી
- આદુ-મરચાની પેસ્ટ - ૩ ચમચી
- મરચુ પાવડર - જરૂર મુજબ
- હળદર - ૧/૪ ચમચી
- હીંગ - ૧/૨ ચમચી
- મીઠો લીમડો - ૧ ચમચી
- મીઠુ - સ્વાદ મુજબ
- તેલ - તળવા માટે

**બનાવવાની રીત :**

ચણાની દાળને સાફ કરીને ધોઇને એક ઉડા બાઉલમાં ૨ કલાક પલાળવી. હવે દાળના ૧/૪ ભાગને બાઉલમાં કાઢી લો. બીજી દાળને મિકસરમાં અધકચરૂ મિશ્રણ રહે એ રીતે પાણી વગર ક્રશ કરવું. ઉપરની તેલ સિવાયની બીજી સામગ્રીને કાઢેલી દાળ સાથે બાઉલમાં મિકસ કરી લેવી. આ રીતે બન્ને મિશ્રણને એક મોટા બાઉલમાં મિકસ કરી લો. તૈયાર થયેલ મિશ્રણ ગોળા બનાવીને દબાવી ચપટી વડા તૈયાર કરવા. કડાઇમાં તેલ લઇને વડાને ધીમા ગેસે તળી લેવા બ્રાઉન થાય ત્યાં સુધી ગરમ ગરમ તરત જ પિરસવા.

## (૨) સ્વીટ કોર્ન સુપ

**સામગ્રી :**

- બાફેલી મકાઇના દાણા - ૧ ૧/૪ કપ
- ક્રશ કરેલ મકાઇ - ૧ કપ
- કોર્નફલોર - ૪ ચમચી
- બટર - ૧ ચમચી
- જીણુ સુધારેલ લસણ - ૧ ચમચી



- ખમણેલું આદુ - ૧ ચમચી
- મીઠુ - સ્વાદ મુજબ

**બનાવવાની રીત :**

એક બાઉલમાં કોનફલોર લો. એમાં અડધો કપ પાણી ઉમેરો. બરાબર બીટરની મદદથી હલાવવું. એક પેનમાં બટર લો. તેમાં આદુ, લસણને સાંતળવું. સુગંધ આવે એટલે તેમાં બાફેલા કોર્ન અને ક્રશ કરેલ કોર્ન ઉમેરી મિકસ કરવું. હવે તૈયાર કેરલ કોન ફલોરનું મિશ્રણ ઉમેરવું અને જરૂર પ્રમાણે પાણી ઉમેરીને થોડૂ ઘટ્ટ થાય ત્યાં સુધી ઉકળવા દેવું. પછી સ્વાદ મુજબ મીઠુ ઉમેરવું. ગરમાગરમ સર્વ કરો.

## (૩) પનીર પકોડા

**સામગ્રી :**

- પનીર કયુબ - ૧ ૧/૨ કપ
- ચણાનો લોટ - ૧ કપ
- મરચુ પાવડર - ૨ ચમચી
- હળદર - ૧ ચમચી
- હીંગ - ચપટી
- અજમો - ૧/૨ ચમચી
- ગરમ મસાલો - ૧/૨ ચમચી
- આમચુર પાવડર - ૧/૨ ચમચી
- ચાટ મસાલો - ૧/૨ ચમચી
- બેકીંગ સોડા - ચપટી
- મીઠુ - સ્વાદ મુજબ
- તેલ - જરૂર મુજબ

**બનાવવાની રીત :**

એક બાઉલમાં અજમો, ગરમ મસાલો મીઠુ, આમચુર પાવડર, હળદર, ચાટ મસાલો હીંગ એડ કરીને મિકસ કરો. બીજા બાઉલમાં ચણાનો લોટ, મીઠુ, હળદર, લાલ મરચુ પાવડર, બેકીંગ સોડા લો. તેના પર પાણી જરૂર પ્રમાણે એડ કરીને બેટર બનાવવું. પનીરના નાના કયુબ લો. તેમાં તૈયાર કરેલ ડ્રાય મસાલો એડ કરો. તેલ ગરમ થાય એટલે પનીરના કયુબને ચણાના લોટના બેટરમાં ડીપ કરીને તળી લો.

## (૪) ચીઝ કોર્ન બોલ

**સામગ્રી :**

- બાફેલા બટાકા - ૪ થી ૫ નંગ
- બ્રેડ ક્રમશ - ૧/૨ વાટકો
- મિકસ હબસ - ૧ ચમચી
- મરી પાવડર - ૧/૨ ચમચી
- લસણની પેસ્ટ - ૧ મોટી ચમચી
- ગરમ મસાલો - ૧ ચમચી
- ચીઝ કયુબ - ૩ કયુબ
- ચીલી ફલેકસ - ૧ ચમચી
- ઓરેગાનો - ૧ ચમચી
- મીઠુ - સ્વાદ મુજબ
- તેલ - તળવા માટે

**બનાવવાની રીત :**

એક બાઉલમાં બાફેલા બટાકાને મેશ કરી તેમાં મીઠુ, મિકસ હબસ, મરી પાવડર, લસણની પેસ્ટ, ગરમ મસાલો એડ કરી બધુ મિકસ કરી લો. હવે ચીઝ કયુબમાંથી ચોરસ નાના પીસ કરી લેવા એન તેમાં ચીલી ફલેકસ, ઓરેગાનો ભભરાવીને બધી જ ચીઝ કયુબ તૈયાર કરી લો. બનાવેલ બટાકાના પુરણમાંથી નાનો લુઓ લો તેની થેપલી કરીને ચીઝ કયુબનો પીસ મુકીને બોલ વાળી લો. અને બ્રેડ ક્રમશમાં રગદોળી લઇને લાઇટ બ્રાઉન થાય તેવા તળી લો. ગરમાગરમ સવ કરવા.

# ડૉ. અનિલ અંબાસણા: માટીકામના શિક્ષકથી લઈને શિક્ષણશાસ્ત્ર ભવનના અધ્યક્ષ સુધીની શૈક્ષણિક યાત્રા



**શબ્દાંજલી**

**પ્રશાંત અંબાસણા**

તારીખ ૦૨ નવેમ્બર, ૧૯૫૨ના દિવસે આફ્રિકાના મોમ્બાસા ગામમાં ધીરજલાલ અને સવિતાબેનના પરિવારમાં પાંચ બાળકોમાં સૌથી નાના પુત્ર અનિલનો જન્મ થયો. પરિવાર સાથે ભારત પરત ફરી પ્રાથમિક શિક્ષણ રાજકોટની શેઠ હાઈસ્કૂલમાં લઈ, વિરાણી સાયન્સ કોલેજ ખાતે B.Sc. કેમેસ્ટ્રી નો અભ્યાસ કર્યો. મિત્રોના સાથ અને પેઈન્ટિંગની કલાને હથિયાર બનાવી આર્થિક ભીંસ સામે બાથ ભીડીને ખૂબ કપરી ગણાતી G.D.Art (Drawing Painting)ની પરીક્ષા પણ પાસ કરી તેમજ B.Ed. અને M.Ed.નો ઉચ્ચ અભ્યાસ પૂરો કર્યો. ૭૦ ના દાયકામાં એશિયાની પ્રથમ અને સમગ્ર વિશ્વમાં દ્વિતીય એવી ''આર્ટ જજમેન્ટ ટેસ્ટ'' ડેવલપ કરીને શિક્ષણ વિદ્યાશાખામાં Ph.D.ની ઉપાધિ મેળવી ડોક્ટર અનિલ અંબાસણા બન્યા.

વિરાણી હાઇસ્કુલમાં માટી કામના શિક્ષક તરીકે શાળાના મુખ્ય બિલ્ડીંગની બહાર એક અલાયદી નાની ઓરડીમાં તેમની શિક્ષક તરીકેની કારકિર્દીની શરૂઆત થઈ. વૈજ્ઞાનિક અભિગમ અને શિક્ષણની સક્ષ્તાને લીધે માટીકામના આ શિક્ષક થોડા જ સમયમાં ''કેમિકલ ટેકનોલોજી'' વિષયના ઇન્ચાર્જ બન્યા. પ્રયોગશાળામાં જાદુના ખેલ જેવા લાગતા પ્રયોગો દ્વારા વિદ્યાર્થીઓની આખી એક પેઢીને વિજ્ઞાન, વ્યવસાય અને વ્યવહારમાં પગભર થવાના પાઠ શીખવ્યા. આ પેઢી આજે પણ તેમણે કુદરતી આફત સમયે પ્રયોગશાળામાં હજારો મીણબત્તીઓ બનાવીને અસરગ્રસ્તોને મદદ કર્યાની રસપ્રદ વાતો જ્યારે તેમના પૌત્ર-પૌત્રીઓને કરે ત્યારે તેમના આ વિજ્ઞાન શિક્ષકને આદર સાથે અચૂક યાદ કરે છે. આ સફરના આગલા પડાવમાં તેમણે સૌરાષ્ટ્ર હાઇસ્કુલમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષક તરીકેની જવાબદારી નિભાવી. શાળાકીય શિક્ષણની આ ૧૫ વર્ષની સફરમાં જ્યારે સેલ્ફ ફાઈનાન્સનો વાઈરસ નહોતો લાગ્યો એ સમયમાં બાળકોમાં રસ ટકાવી, વિસ્મય જગાડી, વિષય સમજાવીને ખરા કેળવણીકાર તરીકે ભણતર અને ગણતર એ રીતે વહેંચ્યું કે કોઈએ અંબાસણા સરની સ્ટાઈલ અપનાવી, તો કોઈએ તેમની જેમ શિક્ષક બનવાનું જ પસંદ કર્યું. દરેક વિદ્યાર્થીઓના જીવનમાં, વાતમાં અને વ્યવહારમાં એમની અમીટ છાપ રહી અને રહેશે.

સફરના આગલા પડાવમાં તારીખ ૨૧ નવેમ્બર, ૧૯૮૯ ના રોજ આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં જોડાયા. ૨૬ વર્ષની સેવાને અંતે સન ૨૦૧૫માં શિક્ષણશાસ્ત્ર ભવનના પ્રોફેસર અને હેડ તરીકે નિવૃત્ત થયા. જોકે આ નિવૃત્તિ માત્રને માત્ર નોકરી પૂરતી મર્યાદિત હતી. તેમના દેહાંતના આગળના દિવસ સુધી ખરા શિક્ષક - અધ્યાપક - ટ્રેનર - મેન્ટર - કાઉનસેલર - ટ્રસ્ટી તરીકે સતત પ્રવૃત્ત રહ્યા. કુલ ૪૧ વર્ષના ટીચીંગ એક્સપિરિયન્સમાં ૧૫ વર્ષ શાળા કક્ષાએ તથા ૨૬ વર્ષ યુનિવર્સિટી કક્ષાએ તદુપરાંત ૩૩ વર્ષ સંશોધન કાર્યોનો અનુભવ રહ્યો. આ દરમિયાન તેમણે ૧૬ જેટલા Ph.D. theses અને ૩૦૦ કરતાં વધારે M.Ed. ડિઝર્ટેશન માટે માર્ગદર્શન પૂરું પાડ્યું. આ રિસર્ચના નીચોડ રૂપે તેમના પોતાના નામે ૧૫ પુસ્તકો, ૨૧ થી વધારે રિસર્ચ પેપર, તદુપરાંત અનેક આર્ટિકલ લખાયેલા છે. તેમનું સંશોધન કાર્યોમાં ફિલ્ડ ઓફ એક્સપર્ટિસ રિસર્ચ મેથડોલોજી, સાયકોલોજીકલ ટેસ્ટિંગ એજ્યુકેશનલ મેઝરમેન્ટ તથા સ્ટેટેસ્ટીકલ એનાલિસિસ રહ્યું. ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ ના શિક્ષણશાસ્ત્ર ભવન તથા GC-HRDC માં તેઓ નિયમિત રીતે એક્સપર્ટ તરીકે સેવાઓ આપતા રહ્યા હતા. નિવૃત્તિ બાદ તેઓએ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે એડજન્ક્ટ પ્રોફેસર તરીકે સેવાઓ આપી. ભવનમાં તેમના માર્ગદર્શનમાં M.Ed. અને Ph.D. કરતા અનેક વિદ્યાર્થીઓએ શિક્ષણશાસ્ત્ર સાથે નાનામાં નાની બાબત માટે ચોક્કસાઈ અને કામ પ્રત્યેની નિષ્ઠા વારસામાં મેળવ્યા.

તેમની કેળવણીમાં કેળવાયેલા વિદ્યાર્થીઓ માંથી આજે કોઈ સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટર છે, તો કોઈ પ્રોફેસર અને કોઈ પ્રિન્સિપાલ છે. સાડા ચાર દાયકા ના શૈક્ષણિક સમર્પણ દરમિયાન લોકવિજ્ઞાન કેન્દ્ર, લાઇફ-બ્લડ બેન્ક, આગાખાન શૈક્ષણિક સંસ્થા, UGC - HRDC કેન્દ્રો, શાળા કોલેજના ટીચર ટ્રેનીંગ પ્રોગ્રામ, પોલીસ ટ્રેનિંગ પ્રોગ્રામ, વિવિધ યુનિવર્સિટીઓ તેમજ નાની મોટી સાંકડો શૈક્ષણિક - સામાજિક સંસ્થાઓમાં નિસ્વાર્થ સેવાઓ આપી. આ ગાળામાં અંબાસણા સાહેબે તેમની આગવી છતાં થકી જોહરી વિન્ડો, રિસર્ચ મેથડોલોજી, બોડી લેંગ્વેજથી માંડી 'તમે તમે શી રીતે બન્યા?' જેવા વિષયો લોકભોગ્ય અને લોકપ્રિય બનાવ્યા.

માં સરસ્વતીના જ્ઞાન, નટરાજની કલા અને વિશ્વકર્માના કૌશલ્યના આશીર્વાદ થકી નવનિર્માણની લડતમાં ચાવીરૂપ ફ્લોટ્સ અને બેનર તૈયાર કર્યા, તો સાથે સાથે લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટ ખાતે શરૂ કરવા માટે અનેક પેઇન્ટિંગ, પ્રયોગો અને મોડલ્સ ડિઝાઇન અને ડેવલપ પણ કર્યા. ગુજરાતભરની અનેક શૈક્ષણિક સંસ્થાઓને શરૂઆતના તબક્કાથી લઇ ને ઇન્ટરનેશનલ સ્તર ઉપર ખ્યાતિ પ્રાપ્ત કરવા માટે તેઓ શૈક્ષણિક માર્ગદર્શક રહ્યા છે. ધોળકિયા સ્કૂલના બાલવૈજ્ઞાનિકો થી માંડી સિસ્ટર નિવેદિતા સ્કૂલમાં ટીચર ટ્રેનિંગ અને કડવીબાઈ કન્યા વિદ્યાલયમાં ટ્રસ્ટીમંડળની જવાબદારીઓ તેના આછેરા ઉદાહરણ કહી શકાય.

શ્રીમદ્ ભગવત ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છેઃ

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ।

तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ।।

અર્થાત, આત્મા તો માત્ર જીર્ણ વસ્ત્રરૂપ દેહનો ત્યાગ કરે છે; તેનો પ્રકાશ ક્યારે ઓલવાતો નથી.

આ સદાકાળ સત્યને લઈને તારીખ ૨૮/૦૬/૨૦૨૬ ના રોજ તેમનો ઉજ્જ્વળ આત્મા નશ્વર દેહને ત્યાગ કરી દિવ્ય પૂંજ ના પ્રકાશમાં ભળી ગયો.

ઉજ્જવળ આત્મા સમા ડો. અનિલભાઇ વિશ્વકર્મા વિશ્વના લેખક પણ હતા અને તેઓના વિશ્વકર્મા વિશ્વ સાથે પારીવારીક નાતો હોય. વિશ્વકર્મા વિશ્વ પણ એક આત્મીય ગુમાવ્યાની લાગણી અનુભવે છે.

NOVA CLINIC
Care Beyond Cure

# હરસ-મસા

ના દુખાવા, ખંજવાળ
કે રક્તસ્ત્રાવથી પરેશાન છો?


**નોવા ક્લિનિકમાં 'સ્ક્લેરોથેરાપી'**
દ્વારા ઓપરેશન વિના **સચોટ** સારવાર મેળવો.



**DR KHENGAR PANDYA**
M.B.B.S. & DNB (F. MEDICINE)
જનરલ ફિઝિશિયન & સર્જન

**આજે જ મુલાકાત કરો!**






Mo. 99099 97457/67

RANI TOWER, FIRST FLOOR, SHOP NO. 27,
OPP. CRSTAL MALL, KALAWAD ROAD,
RAJKOT-360005

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન

## વિશ્વકર્મા વિશ્વ

ઘર બેઠા લવાજમ ભરો, ઘેર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો

**લવાજમ ભરવા**

G Pay OR Paytm કરો


મો.૯૦૯૯૯ ૪૯૫૬૫ પર લવાજમ ભરી આજ નંબર પર
વોટસએપ પર એડ્રેસ મોકલી આજ નંબર પણ જાણ કરો...

**આપને ઘેર બેઠા વિશ્વકર્મા જયંતી અને દિપોત્સવી
વિશેષાંક સાથે આખુ વર્ષ વિશ્વકર્મા વિશ્વ મળતુ રહેશે.**




વધુ માહિતી સંપર્ક : પ્રવીણ ગજજર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2024-2026. Posted at Rajkot RMS on 10th of Every Month



# હાર્દિક અભિનંદન

## શ્રી કિશોરભાઈ ખંભાયતા (ડુનેક્ષ)

આપશ્રીએ રાજકોટને આંગણે બાગેશ્વરધામ જેવા માહોલનું સર્જન કરી ત્રણ ત્રણ દિવસ ફકત રાજકોટ જ નહીં સમગ્ર સૌરાષ્ટ્રના ભાવિકોને શ્રી ધીરેન્દ્રકુમાર શાસ્ત્રી(બાબા બાગેશ્વર)ની દિવ્ય વાણીનો લાભ અપાવવાની સાથે સનાતની ધ્વજ ફરકાવવાનો ઐતિહાસિક અવસરનું સફળ સર્જન કર્યું અને આ આયોજનથી સમગ્ર સમાજને આપે અનેરૂ ગૌરવ અપાવ્યું છે.

## આપને લાખ લાખ અભિનંદન...

**શ્રી જગુભાઈ કે. ભારદીયા ચેરમેનશ્રી**
તથા સર્વે ટ્રસ્ટીશ્રીઓ
શ્રી વિશ્વકર્મા વિદ્યાનિકેતન સંચાલિત ટ્રસ્ટ
ગુર્જર સુતાર કન્યા છાત્રાલય, રાજકોટ.


**શ્રી ધર્મેન્દ્ર દેવળીયા પ્રમુખશ્રી**
તથા સર્વે કમિટી મેમ્બર
શ્રી સૌરાષ્ટ્ર ગુ.સુ. યુવક સંઘ-
અમદાવાદ

**શ્રી રમેશભાઈ તલસાણિયા પ્રમુખશ્રી**
તથા સર્વે કમિટી મેમ્બર
શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર પરિવાર -
વેજલપુર-અમદાવાદ

**શ્રી હસમુખ શંખલપરા પ્રમુખશ્રી**
તથા સર્વે કમિટી મેમ્બર
શ્રી ગુ.સુ. મણીનગર વિશ્વકર્મા
બાગ-અમદાવાદ

**શ્રી શાંતિભાઈ ખોડદીયા પ્રમુખશ્રી**
તથા સર્વે કમિટી મેમ્બર
શ્રી સૌ.ગુ. યુથ ફોરમ વાડજ-અમદાવાદ

**શ્રી રમણીકભાઈ ગોરેચા - પ્રમુખશ્રી**
તથા ટ્રસ્ટીઓ તથા કમિટી મેમ્બર-
શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ જામનગર.



**શ્રી મુકેશભાઈ ડી. સુરેલીયા પ્રમુખશ્રી**
તથા સર્વે કમિટી મેમ્બર-શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ જામખંભાળીયા

**શ્રી મુકેશભાઈ કે. બકરાણીયા પ્રમુખશ્રી**
તથા સર્વે કમિટી મેમ્બર શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ પોરબંદર

**શ્રી હર્ષદભાઈ બી. ધ્રાંગધરીયા પ્રમુખશ્રી**
તથા સર્વે કમિટી મેમ્બર શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ સિહોર

**શ્રી ડો. લલિતભાઈ ગોરધનભાઈ બદ્રકીયા પ્રમુખશ્રી**
તથા સર્વે કમિટી મેમ્બર શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ - બોટાદ

**શ્રી ભુપતભાઈ સંચાણિયા પ્રમુખશ્રી**
તથા સર્વે કમિટી મેમ્બર શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-ધોરાજી

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**